કેવળ પરમાર્થને કારણે પધાર્યા પૂરણકામ - કચ્છના કલ્યાણકારી સંત



# શ્રી અબજીબાપા

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૩૦

લેખન-સંકલન

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર


શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઈન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું
સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના
ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

'કેવળ પરમાર્થને કારણે, પધાર્યા પૂરણકામ'

**કચ્છના કરુણામૂર્તિ સંત**

# શ્રી અબજીબાપા


લેખન - સંકલન

**અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર**


**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**૩૦**


**સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**અમદાવાદ-૩૮૦૦૧૩**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક :*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદઃ ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***

પ્રતઃ ૧૦૦૦

૨૦૨૩, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ

***સેવા મૂલ્યઃ*** રૂ. ૧૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail: info@shriswaminarayandivinemission.com

Website: www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# દ્વિતીય આવૃત્તિનું નિવેદન

તત્ત્વજ્ઞાનના ઉન્નત શિખરેથી વેદ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણરૂપી જ્ઞાનધોધમાં અનેક અર્થવાળા શબ્દ-પ્રયોગોને કારણે જ્યાં સુધી તે ઉપરનાં ભાષ્યો દ્વારા નિર્ભેળ જ્ઞાનજળ નિતારી ન શકાય ત્યાં સુધી મનુષ્યની જ્ઞાનતૃષાને તે શાંત કરી શકતું નથી. પરંતુ સંતપુરુષોનાં જીવનચરિત્ર અને સદુપદેશરૂપી નિર્મળ ઝરણામાંથી વિના પ્રયાસે જ શીતળ અને નિર્ભેળ જ્ઞાનજળ પિપાસુઓને શાંતિ પમાડવા ત્વરિત કાર્યસાધક નીવડે છે.

ભગવાનનો અનુભવ કરેલા સંતના સમાગમથી જ ભગવાન મળે. બુદ્ધિ ને સમજણની શુદ્ધિ પણ તેમના થકી જ થાય છે. તેમનાં દર્શન સાથે જ હૈયામાં ટાઢું થાય છે. જે સ્વતઃસિદ્ધ મુક્તપુરુષનું આ જીવનચરિત્ર છે તે પ. પૂ. શ્રી અબજીબાપા પાસે આવનાર હરકોઈને આવો દિવ્યાનુભવ થતો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી ‘વચનામૃતો’માં સાદી ભાષા તળે રહેલા જ્ઞાન-ગાંભીર્યને બહાર લાવી સ્પષ્ટ રીતે સમજાવવાનું કાર્ય બાપાશ્રી અબજીબાપાશ્રીએ કર્યું છે. તેઓશ્રી રચિત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા શ્રી ‘વચનામૃત’ ગ્રંથ ઉપર એક ભાષ્યરૂપ છે. શ્રીજીમહારાજે વચનામૃતોમાં જે જે ગૂઢ રહસ્ય સાદી ભાષામાં કહ્યું છે તેનું સ્પષ્ટીકરણ મૂળ સાથે સુસંગત રાખી સ્પષ્ટપણે આ ભાષ્યરૂપ પ્રદીપિકા ટીકામાં બતાવ્યું છે. આ ટીકાઓમાં જે ઉત્તમ કોટીનું જ્ઞાન ભરેલું દેખાય છે તે ઉપરથી

બાપાશ્રીનું આધ્યાત્મિક બાબતમાં સ્થાન ક્યાં હોવું જોઈએ તે તુરત જ સમજી શકાય છે.

આ સિવાય બાપાશ્રીએ સભામાં તેમ જ અન્ય પ્રસંગોએ કરેલી વાર્તાઓનો સંગ્રહ બે ભાગમાં પ્રસિદ્ધ થયેલ છે, જેમાં અનુભવજ્ઞાન અને શ્રીહરિની મૂર્તિના સુખનો દિવ્ય રસ શબ્દે-શબ્દે ને વાક્યે-વાક્યે ટપકતો વાચકને માલૂમ પડશે. સમયના વહેણ સાથે ધીમે ધીમે ચીંથરે વીંટ્યા રત્ન - મહાન મુક્તવિભૂતિ - કારણ સત્સંગના પ્રણેતા પ. પૂ. શ્રી અબજીબાપાને સત્સંગ અને વિશ્વ વિશેષ ને વિશેષ ગૌરવભરી રીતે નિહાળશે ને અનુસરશે.

આવા મહાન સંતમૂર્તિનું જીવન-કવન યથાર્થ રીતે આલેખવું ઘણું અઘરું છે. અને તે પણ એટલું સંક્ષિપ્તમાં કે સૌ કોઈ તેનો લાભ લઈ શકે. આ માટે સમગ્ર સત્સંગ તેમ જ માનવ સમાજ અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કરનો સદાય ઋણી રહેશે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિની પ્રતો ખલાસ થતાં અને તેની ઉપયોગિતાને લઈને આ દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

સંતોનું જીવન અને કવન એ ભારતદેશની મોટી પૂંજી છે. એ રીતે આ કલ્યાણકારી લઘુ સંતકથા દરેક વાચકને પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિજીના દિવ્ય સુખની ખુશબો વેરતા ગજરાસમ નીવડશે એવી આશા અને મહાપ્રભુને પ્રાર્થના.

ઈ. સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી **પ્રકાશન સમિતિ**
સં. ૨૦૫૯, મહા વદ અગિયારસ **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અનુક્રમણિકા


| નં. | વિગત | પાન |
|---|---|---|
| ૧. | ધન્ય ઘડીઃ પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ | ૧ |
| ૨. | શ્રીજીમહારાજના સંકલ્પથી 'અબજીબાપાશ્રી'નું પ્રાકટ્ય | ૬ |
| ૩. | 'વર્તમાન' દીક્ષાવિધિ અને નામાભિધાન | ૯ |
| ૪. | વિલક્ષણ બાલ્યકાળ ને કિશોરાવસ્થા | ૧૧ |
| ૫. | અખંડ ધ્યાનસ્થ સ્થિતિ ને સમાધિ દર્શન | ૧૭ |
| ૬. | આદર્શ ગૃહિણીઃ દેવુબાઈ | ૨૪ |
| ૭. | નિર્ગુણ ગૃહસ્થાશ્રમ | ૨૭ |
| ૮. | બાપાશ્રીનો મહિમા મોટા મોટા સદ્‌ગુરુઓને! | ૩૨ |
| ૯. | યજ્ઞ-પારાયણોઃ દિવ્ય સુખની લહાણી | ૩૬ |
| ૧૦. | કલ્યાણકારી વિચરણ | ૪૫ |
| ૧૧. | દિવ્ય પ્રભાવ અને અદ્‌ભુત સામર્થ્ય | ૪૮ |
| ૧૨. | સેવા-સુધારણાનો નિરાળો અભિગમ | ૫૨ |
| ૧૩. | અધ્યાત્મ સાહિત્યમાં અનેરું પ્રદાન | ૫૫ |
| ૧૪. | અકળ દેહોત્સર્ગ લીલા ને અંતિમ દર્શન | ૬૪ |
| ૧૫. | સમાપન | ૭૧ |
| ૧૬. | બાપાશ્રીના દિવ્ય જીવનની તવારીખ | ૭૪ |

‘કેવળ પરમાર્થને કારણે, પધાર્યા પૂરણકામ’

**કચ્છના કરુણામૂર્તિ સંત**

# શ્રી અબજીબાપા

# ૧ ધન્ય ઘડીઃ પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણનો પ્રાદુર્ભાવ

ધન્ય ભાગ્ય ભારત ભૂમિના કે જ્યાં પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ નવમીની મંગળ રાત્રિએ કોશલ દેશને વિષે અયોધ્યા પાસે છપૈયા ગામે પ્રગટ થઈ, જીવપ્રાણીમાત્રને દર્શન આપી ન્યાલ કર્યા. પ્રારંભથી જ તેમણે જે અપૂર્વ, અદ્‌ભુત ચરિત્રો ને કલ્યાણકારી કાર્યો વિસ્તાર્યાં તે પરથી સહેજે આકર્ષાઈ, જેમણે તેમનું શરણ સ્વીકાર્યું તે સર્વે લોકો તેમને પ્રગટ પુરુષોત્તમ તરીકે નવાજવા લાગ્યા. તેઓ શાસ્ત્રના પ્રમાણ શોધવા ય ન રહ્યા કે ન કોઈને પૂછવાં કરવાં રહ્યાં. તેમને તો તેમની પ્રત્યેક ક્રિયામાં ને તેમના રોમેરોમમાં પરમેશ્વરપણાંની જ અનુભૂતિ થતી હતી. તેમની નજરે તો તે નરદેહધારી સાક્ષાત્ સર્વોપરી મહાપ્રભુ હતા. શાસ્ત્રના આધારે કે કોઈ મોટા પુરુષના કહેવાથી નહિ, પણ પોતાના જ સ્વાનુભવથી 'સ્વામિનારાયણ'ને પરબ્રહ્મ પરમાત્મા તરીકે ઓળખ્યા ને ઉપાસ્યા.

એવા એ સર્વ ભક્તજનોને તથા પોતાના આશ્રિત શિષ્યોને રામાનંદ સ્વામી જેવા સમર્થ સંતવિભૂતિએ શાસ્ત્ર પ્રમાણ આપી, સહજાનંદ સ્વામીનું પુરુષોત્તમપણું પ્રતિપાદન કરી જણાવ્યું કે, ''બદ્રિકાશ્રમવાસી નરનારાયણનું નિમિત્ત કરી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પોતાના મુક્તોને સાથે લઈ, આ ભરતખંડમાં પધાર્યા છે અને હું તો માત્ર ડુગડુગી વગાડવાવાળો છું.'' પછી તો સૌને સમૂળી શંકા ટળી જ જાય

ને! છેવટે જ્યારે રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા પણ તેમને સોંપી દીધી ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનો દિવ્ય પ્રભાવ સર્વત્ર જણાવી, આત્યંતિક મોક્ષમાર્ગની સ્થાપના કરી. આ માર્ગની રચના જ એવી સર્વગ્રાહી છે કે તે તેમને સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ માનવાને પૂરતી છે. જેવા ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી છે, તેવો જ તેમણે સ્થાપેલ વિશ્વવ્યાપી ધર્મ અને તેના પ્રવર્તક મુક્તો પણ સર્વોપરી છે. આ દૃષ્ટિએ જોઈએ તો હજી સુધી કોઈને આવી પ્રાપ્તિ થઈ નહોતી ને થશે પણ નહિ.

જેમના દિવ્ય જીવનની ઝાંખી કરાવતું આ પ્રકાશન છે તે બાપાશ્રી પણ કહેતા જે, ''સં. ૧૮૩૭થી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે ત્યારથી જીવના આત્યંતિક કલ્યાણનો માર્ગ ખૂલ્યો.'' કેમ જે જેમ જેમ જીવો પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીના કોઈ પણ પ્રકારે સમાગમમાં આવવા લાગ્યા, તેમ તેમ તેમનાં બીજબળ બંધાતાં ગયાં અને તે વૃદ્ધિ પામતાં તેમને 'ભગવાન' ઓળખાયા અને બ્રહ્મરૂપ થઈ ભગવાનની મૂર્તિમાં જોડાતાં ગયાં. આ બ્રહ્માંડમાં પરાત્પર પરમાત્માના આગમનથી જે જે જીવો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યાદિ સાધનોથી નિર્વાસનિક થયા, તે સર્વે કૃતાર્થ થયા, તેમનાં શુદ્ધ ચિત્તમાં તરત જ 'ભગવાનપણા'નો નિશ્ચય થઈ ગયો અને પોતાની સર્વ ક્રિયામાં મહાપ્રભુની મૂર્તિનો આનંદ અનુભવવા લાગ્યા. તે જ પ્રમાણે બ્રહ્માંડ નાયક ઈશ્વરો તથા મહાપુરુષો તેમ જ વિભૂતિ અવતારોનું પણ અવતારી પુરુષોત્તમ નારાયણના સ્વરૂપનો તથા તેમની અલૌકિક લીલાઓનો આનંદ અનુભવવા પૃથ્વી પર અવતરણ થયું.

સર્વોપરી મહાપ્રભુ પણ પોતાની સાથે પોતાના પ્રતાપી મુક્તોને લાવ્યા હતા. આ મુક્તોના પ્રભાવથી અનેક મુમુક્ષુ જીવાત્માઓ શ્રીહરિને વરી ચૂક્યા હતા અને એમના યોગ-સમાગમથી તેઓએ તેમનો અલૌકિક મહિમા જાણ્યો એટલું જ નહિ પણ તેમને સર્વસ્વ અર્પણ કરી તેમની દિવ્ય મૂર્તિમાં સંલગ્ન થઈ ગયા. આ પ્રમાણે ''હથેવાળો હરિ સંગાથે'' થવાથી સર્વે જનો ગાવા લાગ્યા જે, ''આજ સખી આનંદની હેલી, હરિવર જોઈને હું થઈ છું રે ઘેલી.''

મુક્તોને પણ આટલેથી કંઈ સંતોષ થાય તેમ નહોતો. તેમણે તો દરરોજ અમુક જીવોને 'વર્તમાન' ધરાવ્યા પછી જ ઠાકોરજી જમાડવા એવા નિયમ ધાર્યા હતાં, તેથી તેઓ દેશાંતરમાં ફરતાં ફરતાં ટહેલ નાંખવા લાગ્યા જે ''જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર, મારી બેની; પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ.'' આ પ્રમાણે મુક્તોએ અનેક સ્થળે ફરીને આ સર્વોત્કૃષ્ટ મોક્ષમાર્ગનો દિગ્વિજય કર્યો.

આમ ટૂંકા ગાળામાં અસંખ્ય મુમુક્ષુઓ શ્રીજીમહારાજનો આશ્રય ગ્રહણ કરી મુક્ત સ્થિતિને પામ્યા. એ પ્રમાણે પોતાને જે અલૌકિક આનંદ મળ્યો તે એ મુક્તોએ છૂટે હાથે બીજાને આપવા માંડ્યો. આમ ઉત્તરોત્તર અનેક મુમુક્ષુઓ શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપના સુખનો અનુભવ કરવા સદ્‌ભાગી બન્યા અને મુક્ત સંજ્ઞાને પામ્યા.

શ્રીજીમહારાજના કથનાનુસાર આ સંત તથા નિયમો અક્ષરધામના હોઈ હરકોઈ જનને સાચી શાંતિ પમાડતા. સત્સંગરૂપી આ રમણીય ઉદ્યાનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને

ભક્તિ આદિ સદ્‌ગુણોરૂપી પુષ્પો એવાં તો ખીલી ઊઠ્યાં કે અનંત મુમુક્ષુરૂપી ભ્રમરો ત્યાં આકર્ષાઈ આવ્યાં. મુક્તોએ શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી. ભક્તજનો દેવ દેવી વગેરેનો ભાર ન રાખતાં પતિવ્રતાની ભક્તિ કરવા લાગ્યાં. બાઈ-ભાઈ સૌ પોતપોતાના ધર્મમાં વર્તતાં હતાં. વચનામૃત દ્વારા આત્મા-પરમાત્માના જ્ઞાનામૃતનું સૌ કોઈ યથેચ્છ પાન કરતાં હતાં. શિષ્ટ પુરુષો તેમ જ જાડા ગણાતા લોકો પણ આત્મા-અનાત્માનો વિવેક કરી, બ્રહ્મરૂપે પરબ્રહ્મમાં જોડાઈ ગયા. આ પ્રમાણે જ્યારે પોતે સ્થાપિત મોક્ષમાર્ગની સર્વવ્યાપી ઉન્નતિ જોઈ અને પોતાના મુક્તોએ મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણની સર્વ ચિંતા ઉપાડી લીધી છે એમ જ્યારે પોતાને પ્રતીતિ થઈ ત્યારે શ્રીજીમહારાજે ઓગણપચાસ વર્ષની વયે સંવત ૧૮૮૬ની સાલમાં પોતાની મનુષ્યલીલા સંકેલી લીધી અને દિવ્ય સ્વરૂપે રહી પોતાના મુક્તો દ્વારા સત્સંગનું પોષણ-પ્રવર્તન કરવા ધાર્યું.

મુક્તોએ પણ સર્વજીવહિતાવહ જે સેવા કરી તેનું વર્ણન થાય તેમ નથી. ટાઢ, તડકો, સુખ-દુઃખ કે માન-અપમાન કશું પણ ગણકાર્યા વિના જીવોને સન્માર્ગે વાળી, ભગવાન સન્મુખ કર્યા.

શ્રીજીમહારાજના આ સમર્થ મુક્તોને એવી લગન હતી કે જીવોના આત્યંતિક મોક્ષ માટે શુદ્ધ ઉપાસના ને સર્વોપરી નિશ્ચય સર્વત્ર પ્રસ્થાપિત કરવા. ભગવાન શ્રી સ્વામિનારાયણની જે મૂર્તિ પોતાને મળી છે તે જ સર્વ અવતારાદિકનું કારણ, સર્વકર્તા, સુખદાતા ને નિયંતા છે એવી સમજણ દૃઢ કરાવવા અથાગ્ પરિશ્રમ સેવ્યો હતો.

જીવોના આત્યંતિક કલ્યાણનું સદાવ્રત યથાવત્ ચાલુ રાખવા ને શ્રીહરિના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપને જેમ છે તેમ સર્વેને ઓળખાવવા શ્રીજીમહારાજના સંકલ્પાનુસાર પ્રગટ થયેલા એક વિરલ મુક્તવિભૂતિની દિવ્ય જીવનગાથા હવે જોઈશું.

## ૨

# શ્રીજીમહારાજના સંકલ્પથી 'અબજીબાપાશ્રી'નું પ્રાકટ્ય

પરમ કૃપાનિધિ શ્રીજીમહારાજે જીવોના આત્યંતિક કલ્યાણના માર્ગમાં વૃદ્ધિ કરી તેને વેગવંત બનાવે, અનેક મુમુક્ષુજનોને ધર્મ-નિયમમાં રાખી શ્રીહરિની મૂર્તિમાં જોડે, અધર્મનો ઉચ્છેદ કરે અને પોતાનું શુદ્ધ સર્વોપરી જ્ઞાન પ્રવર્તાવે એવા અનાદિ મહામુક્તને મોકલી, કચ્છ દેશની ભૂમિને પાવન કરી અહોભાગી બનાવી. શ્રીહરિના સંકલ્પથી, કચ્છપ્રદેશના બળદિયા (શ્રી વૃષપુર) ગામે કુડ, કપટ ને રાગદ્વેષે રહિત ને ધર્મ-નિયમે યુક્ત, શુદ્ધ ઉપાસનાવાળા પાંચાભાઈના કુળમાં 'બાપાશ્રી' પ્રગટ થયા.

પ્રથમ આ પવિત્ર કુળની વંશાવલી વિશે થોડું અવલોકન કરીએ.

વૃષપુરના નાથાભક્તને ગંગદાસ, રૂડાભાઈ અને તેજાભાઈ એમ ત્રણ પુત્રો હતા. ગંગદાસને દેવજી, કરસન, ભીમજી, અરજણ અને મૂળજી એમ પાંચ પુત્રો હતા. બીજા રૂડાભાઈને પ્રેમજીભાઈ અને પાંચાભાઈ એમ બે પુત્રો હતા. આ પાંચાભાઈ તે આપણા બાપાશ્રીના પિતાશ્રી. બાપાશ્રીને કાનજીભાઈ તથા મનજીભાઈ એમ બે પુત્રો હતા અને મોટા પુત્રી વાલબાઈ ને નાના પુત્રી રાધાબાઈ એમ બે પુત્રીઓ હતી. એ સર્વે પણ દિવ્ય ગુણે સંપન્ન મુક્ત સ્વરૂપો હતાં. બાપાશ્રીના દિવ્ય પરિવારમાં ઉત્તરોત્તર માવજીભાઈ, જાદવજીભાઈ, હરજીભાઈ અને રામજીભાઈ વગેરે પૌત્રો થયા.

અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીને પુત્રરૂપે લાલન-પાલન કરી, રમાડવા ભાગ્યશાળી થનાર પાંચાભાઈ તથા તેમનાં ધર્મપત્ની દેવબાઈને શ્રીજીમહારાજને વિશે અનન્ય સ્નેહ ને અડગ નિષ્ઠા હતા. આર્થિક સ્થિતિ દુર્બળ હોવા છતાં સદાય આનંદમાં રહી, ધર્મનિયમે યુક્ત જીવન વ્યતીત કરતા હતા. માતુશ્રી દેવબા નિત્યે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી મૂર્તિનું ધ્યાન કરીને અને મૂર્તિમાં વૃત્તિ રાખીને ગામની બહાર આવેલ શ્રીજીમહારાજની પ્રસાદીની કાળી તલાવડીએ જતાં અને તેમાં સ્નાન કરીને માનસીપૂજા કરતાં. એક દિને શ્રીજીમહારાજે તેમના અનન્ય પ્રેમ ને ભક્તિભાવને વશ થઈને તેમને તેજોમય દર્શન આપ્યા. દેવબા આનંદવિભોર થઈ, હાથ જોડી સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યાં. તે સાંભળીને શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને દેવબાને વર માગવા કહ્યું ત્યારે દેવબા ગદ્ગદ થઈને બોલ્યાં: ‘‘હે કૃપાનાથ! તમે જો મને રાજી થઈને વર દેવા ઇચ્છતા હો તો તમારા જેવા પુત્ર મને આપો.’’ ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હાસ્ય કરતા બોલ્યા જે, ‘‘બાઈ! અમારા જેવા તો અમે એક જ છીએ અને અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય. તે તમારે ત્યાં પ્રગટ થશે, અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે ને તમારા સઘળા મનોરથ પૂરા કરશે.’’ એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી દેવબા અતિ આનંદ પામી, ઘેર આવ્યાં ને શ્રીજીમહારાજે વર આપ્યાની બધી વાત પોતાના પતિ પાંચાભાઈને કહી. એ સાંભળી પાંચાભાઈના આનંદનો પાર ન રહ્યો.

ત્યાર પછી માતાજીની આકૃતિ ફરી ગઈ. કોઈ અનાદિમુક્તે પ્રવેશ કર્યો હોય એવા દિવ્ય સ્વરૂપે દેખાવા

લાગ્યાં. સૌ દેવબાને જોઈ આશ્ચર્ય પામવા લાગ્યાં. સમય જતાં સં.૧૯૦૧ના કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીને સોમવારે રાત્રિના નવ વાગ્યા પછી અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી બાળસ્વરૂપે પ્રગટ થયા. તે સમયે દેવબાને અતિ શ્વેત ને શીતળ તેજના સમૂહને વિશે મનોહર મૂર્તિ શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને પોતે આપેલા વરની તેમને સ્મૃતિ કરાવી. આમ તેમને સુખના સમુદ્રમાં ડુબાડી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

ધન્ય ધન્ય માતાજી દેવબા, પિતાશ્રી પાંચાભાઈ તથા કચ્છની ધરતી કે જ્યાં શ્રીજીમહારાજના અનાદિમુક્તરાજ બાપાશ્રીએ પ્રગટ થઈ, શ્રીજીની મૂર્તિ પાછળ આખા કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત વગેરે સમગ્ર સત્સંગને ઘેલો બનાવી દીધો. બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ! સઘળું શ્રીજીમય!

## 3 'વર્તમાન' દીક્ષાવિધિ અને નામાભિધાન

એક વખત ભૂજથી મહાસમર્થ સંત સદ્. સ્વામીશ્રી અચ્યુતદાસજી પોતાના મંડળ સહિત શ્રીજીમહારાજની ઈચ્છાથી વૃષપુરમાં આવ્યા. ત્યારે મુક્તરાજ બાપાશ્રીના પિતા પાંચાભાઈ સ્વામીને મોટા સમર્થ ને નિરાવરણ દૃષ્ટિવાળા જાણીને પોતાના પુત્રને વર્તમાન ધરાવવા ને નામકરણવિધિ કરાવવા સારુ સ્વામીશ્રી પાસે લાવ્યા. ત્યારે સ્વામીશ્રી અચ્યુતદાસજી તે બાળસ્વરૂપ મુક્તના મુખ સામું બે ઘડી જોઈ રહ્યા ને તેમને ઓળખી લીધા. પછી તો મુક્તરાજનો જમણો હસ્ત પોતાના હાથમાં લઈને તેમાં ચિહ્ન જોઈને અતિ પ્રસન્ન થયા ને જળ રેડીને 'સ્વામિનારાયણ' એ ષડાક્ષર મંત્ર બોલીને વર્તમાન ધરાવ્યા. ત્યાર બાદ સ્વામીએ બાળસ્વરૂપ મુક્તના કંઠને વિષે તુલસીના મણકાની બેવડી માળા પહેરાવી અને ભાલને વિષે કુંકુમનાં ચાંદલા સહિત કેસરચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું તેમ જ બે બાહુ ને હૃદયને વિષે કેસરચંદનનું તિલક કર્યું. પછી પાંચાભાઈએ સ્વામીને 'નામકરણ' કરવા કહ્યું. ત્યારે સ્વામીશ્રીને બાળસ્વરૂપ મુક્તરાજ તેજોમય સ્વરૂપે દેખાતા તેમણે 'અબજીભાઈ' એવું અર્થગંભીર નામ પાડ્યું અને એ નામમાં સમાયેલો ગર્ભિત અર્થ એક સવૈયા (છંદ) દ્વારા જણાવ્યો:

'અ'ક્ષરકોટી પર પુરુષોત્તમની મૂર્તિમાં રહે જોડાઈ,
'બ'હુ જનને કરવા હરિ સન્મુખ એ જેની છે વડી વડાઈ;
'જી'વનદાતા સત્સંગીના, જેની કીર્તિ અતિ ગવાઈ,
'ભ્રાતા'વત્ હિતચિંતક જનના, નામ રૂડું શ્રી **અબજીભાઈ.**

પછી સ્વામીશ્રી બાળમુક્તશ્રીના પિતા પ્રત્યે બોલ્યા જે, ‘હે પાંચાભાઈ! આ તમારા પુત્ર બહુ મોટા ને બહુ સમર્થ છે; આ લોકનાં બીજાં બાળકો જેવા નથી. દેખાય છે નાના પણ બહુ મોટા છે. તમારા ને આ દેશનાં ભાગ્ય મોટાં બહુ. આમની તો આગળ જતાં ખબર પડશે, સત્સંગ બધોય દીપાવશે. કંઈકનાં કલ્યાણ કરશે. મોટા મોટા સંતો આ મુક્તરાજનો જોગ-સમાગમ કરવા દરિયા ઊતરી ઊતરીને અહીં આવશે, એવા છે.’ એમ કહી માથે હાથ મૂકી બહુ પ્રસન્નતા જણાવી.

# ૪ વિલક્ષણ બાલ્યકાળ ને કિશોરાવસ્થા

શ્રીહરિજીના લાડીલા એવા બાળસ્વરૂપ મુક્તશ્રીની બાળલીલા પણ અદ્ભુત હતી. એક વખત દેવબાએ તેમને તેડ્યા ત્યારે બહુ જ ભાર જણાયો તેથી આશ્ચર્ય પામી હેઠા ઉતારી દીધા, ત્યારે વળી મુક્તશ્રીએ લાંબા હાથ કર્યા એટલે ફરીથી તેડ્યા ત્યારે અતિશય હળવા લાગ્યા.

એક દિવસ ઘરમાં બાળસ્વરૂપ બાપાશ્રીને સુવાડ્યા હતા અને દેવબાઈ બહાર કંઈક કામ લઈ બેઠેલાં. ઘડી ઘડી વારે નજર તો એમના તરફ જ રહેતી. થોડી વાર થઈ ત્યાં તો ઘરમાંથી ખસતા ખસતા પોતાની મેળે બહાર આવ્યા. દેવબાઈએ જોયું તો કપાળમાં ચંદનની આડ ને કુંકુમનો મોટો ચાંદલો, કંઠમાં ફૂલનો હાર પહેરેલ! એથી આશ્ચર્ય પામ્યાં કે આ શું!! ઘરમાં જઈને જોયું તો ત્યાં પણ કુંકુમ તથા ફૂલ પડેલાં દીઠાં, પછી વિચાર કરવા લાગ્યાં જે, હું આંગણામાં બેઠી છું અને અહીંથી તો કોઈ ગયું-આવ્યું નથી! આ તે કેમ થયું હશે! નક્કી મહારાજના મુક્તો એમનો મહિમા જાણી પૂજા કરી ગયા હશે! બાળ મુક્તશ્રીનું આ દિવ્ય ચરિત્ર જોઈ દેવબા આશ્ચર્ય પામી આનંદમગ્ન થઈ ગયાં ને હેતે સહિત તેમને રમાડવા લાગ્યાં.

એક વખત મુક્તશ્રીએ ઘણા દિવસ સ્તનપાન ન કર્યું, તેથી માતુશ્રી ઉદાસ થઈ ચિંતા કરવા માંડ્યાં; ત્યારે શ્રીજીમહારાજે તેજોમય દર્શન દઈ કહ્યું: ''બાઈ, કેમ ભૂલી જાઓ છો? આ તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે. તેઓ તો એક અમને જ જુએ છે, એમને અમારી મૂર્તિ સિવાય

બીજું કાંઈ છે જ નહિ. એમના દર્શન-સેવા તે તો અમારાં દર્શન-સેવા તુલ્ય જાણજો. એમના જન્મથી તમે તો કૃતાર્થ થઈ ગયા છો. તમારે હવે કાંઈ કરવું રહ્યું નથી, પણ તેમના વિષે ક્યારેય મનુષ્યભાવ આવવા દેશો નહિ.'' શ્રીજીમહારાજના આવાં રમણીય દર્શનથી દેવબા અત્યંત આનંદમાં આવી ગયાં; શોક સર્વે વિસરી ગયો.

બાપાશ્રીનું શરીર શરૂથી જ ભરાવદાર અને હૃષ્ટપુષ્ટ હતું. વિશાળ ભાલ, લાલાશ પડતી આંખો, પાંખી ભ્રમરો, અણિયાળી નાસિકા, મોટા કાન, રાતા હોઠ, હસતા હોય ત્યારે દાડમકળી જેવા શોભતા દાંત ને મુખ તો અજબ આકર્ષણ કરી લે તેવું મનોહર લાગતું; ઊંચા ખભા, લાંબા હાથ, મજબૂત કાંડા, જાડી આંગળીઓ, વિશાળ ઊપડતી છાતી, કેડ, સાથળ, પિંડી, પાની, ઘૂંટી, ચરણ, તળાં- એમ દરેક અંગ બહુ શોભાયમાન હતાં. એમની અલૌકિક છોગલાધારી પાઘડી, આંગડી, લાકડી, હાલચાલ- એ બધું જોનારનાં ચિત્તને આકર્ષણ કરી લે એવું વિલક્ષણ હતું; જાણે કોઈ ચમત્કારિક દિવ્ય પુરુષ હોય એમ સહેજે સૌને જણાઈ આવતું.

પાંચમા વર્ષે મુક્તરાજે ભણવાનું શરૂ કર્યું. બીજાં બાળકો સાથે નિશાળે ભણવા જતાં. નિશાળમાં તેઓ આંક ને અક્ષરજ્ઞાન શીખ્યા ને એમ ગુજરાતી પાંચ ધોરણ સુધી ભણ્યા. પછી તો પાંચા પિતાનો વ્યવહાર દુર્બળ હોવાથી વધુ ભણવાની સગવડ નહિ. વળી વાડીએ પણ જવું પડતું. તેથી નિશાળે જઈને આગળ ભણવાનું શક્ય ન બન્યું. તેમ છતાં પોતાની મેળે લખવું, ગમે તે પુસ્તક હોય તે વાંચી તેનો સારાંશ જાણી લેવો, તેમાં નિપુણ હતા. વચનામૃત, ભક્તચિંતામણિ આદિ

ગ્રંથો પણ આપમેળે જ વાંચી ભાવાર્થ સમજી લેતા. વળી દેશભાષા, વ્યાકરણભાષા તથા ધર્મશાસ્ત્ર એ આદિ સર્વે વિદ્યા પોતાની મેળે જ બાલ્યાવસ્થામાં જ શીખી લીધી હતી.

રમત-ગમતમાં પણ બાપાશ્રી એક્કા હતા. તેઓશ્રી અજિત મનાતા, તેથી દરેક પક્ષ બાપાશ્રી પોતાના તરફ આવે તેમ ઈચ્છતો. તેમની સાથે રમવું બધાં બાળકોને ગમતું. તેમનો સ્વભાવ બાલ્યાવસ્થાથી જ સૌમ્ય, રમૂજી ને આનંદી હતો. તેમની રમતો પણ આશ્ચર્ય ઉપજાવનારી ને ન્યારી જણાતી. બાળસખાઓને એકત્ર કરીને 'મંદિર-મંદિર, મૂર્તિ-મૂર્તિ' રમે! 'દર્શન કરો, પ્રસાદી લો' કરી, સૌ બાળકોને ધ્યાન કરાવે. બીજા ધ્યાન કરવા થોડીવાર આંખો મીંચી રાખે ત્યાં તો આ મુક્તરાજ શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં ઊતરી જાય! બાળકો જગાડવાનું કરે, પણ કોણ જાગે? વાટ જોઈને સહુ થાકે ત્યારે બીજે સ્થળે રમવા માંડે. ઘણી વારે પોતે ઊઠીને સૌ રમતાં હોય ત્યાં જઈને રમવા લાગે એટલે બાળકો કહેઃ 'ભાઈ ઊંઘીને આવ્યા!' ત્યારે પોતે કહેઃ 'ઊંઘે છે કોણ! હું તો ધ્યાન કરતો હતો ને મહારાજ તેજોમય દેખાતા હતા. તમે પાણા ને ધૂળથી રમવા માંડ્યા ને હું તો મહારાજ ભેળા મોટા મોટા સાધુ હતા તે ભેળો રમતો હતો.' અબુધ બાળકો આવી અલૌકિક વાત ક્યાંથી સમજી શકે!

એક દિવસ બાપાશ્રી બાળસખાઓની સાથે નદીના કાંઠે ખજૂરીની ઘાટી ઝાડીમાં રમવા ગયા. ત્યારે બધાં બાળકોને એમ જે, આ અબજીભાઈ દોડે છે તે પકડાતા નથી. અને આપણે બહુ દોડીને પકડીએ છીએ તો બાથમાંથી નીકળી જાય છે, માટે આજે તો બધા ભેગા મળીને તેમને પકડીએ, પછી જોઈએ એ

કેવી રીતે છટકી જાય છે! એટલે એ પ્રમાણે નક્કી કરી, તાળી વગાડી, સૌ તેમને પકડવા દોડ્યા; ત્યાં તો જે બાળક દોડતો હોય તેની આગળ પોતે દોડતા જણાય. દોડનાર બીજી તરફ જુએ તો ત્યાં પણ દેખાય. એમ સૌની પાસે અલગ અલગ જણાતા ને આગળ દોડતા દેખી કોઈ પકડી ન શક્યા, તેથી નવાઈ પામી બાળકો થાકીને બેઠા. ત્યારે બાપાશ્રી પણ પાછા એક સ્વરૂપે થઈ તેમની વચ્ચે આવીને બેઠા, ને બોલ્યા જે, ''હું તો મહારાજને જોઈ તેમની સાથે દોડતો હતો અને તમે બધાં તો આમતેમ જોતાં દોડતાં હતાં, તે મને ક્યાંથી પકડી શકો?'' આની પાછળનો મર્મ એ છે કે ભક્તજનોએ ભગવાનમાં મનની વૃત્તિ રાખી હરેક પ્રવૃત્તિ કરવી જોઈએ. આ લોકના પદાર્થોમાં જ્યાં ત્યાં વૃત્તિ ભમે તો મહારાજ ક્યાંથી હાથ આવે?

બાપાશ્રી ખૂબ સારા તરવૈયા પણ હતા. એક વાર બધાં બાળમિત્રો સાથે કાળી તલાવડીએ નાહવા ગયા હતા. ત્યાં ડૂબકી મારી ઝાઝી વાર પાણીમાં કોણ રહે છે એવી રમત કરવા લાગ્યા. બીજાં બાળકો તો બે, ત્રણ કે ચાર મિનિટમાં બહાર આવતા રહેતા, પણ બાપાશ્રી તો ડૂબકી મારીને તળિયે જઈ આસન વાળી ધ્યાનમાં બેસી ગયા. તે એક કલાક સુધી બહાર ન આવ્યા. બીજાં બાળકો તો ગભરાઈ ગયા કે ડૂબી ગયા કે શું! બધાએ એક પછી એક પાણીમાં ડૂબકી મારી. બાપાશ્રીને ઘણા શોધ્યા પણ જડે એ બીજા. છેવટે બાળકોએ ભગવાનને પ્રાર્થના કરી, ત્યાં તો 'સ્વામિનારાયણ! સ્વામિનારાયણ!' કરતા બાપાશ્રી પાણીમાંથી બહાર આવ્યા. જ્યારે સખાઓએ પૂછ્યું જે તમે પાણીમાં તો હતા નહિ, તો ક્યાં ગયા હતા? ત્યારે બોલ્યા જે, ''હું તો છપૈયામાં શ્રીજીમહારાજનાં દર્શન

કરી નારાયણ સરોવરમાં ને ખાંપા તલાવડીમાં નાહ્યો ને ત્યાંથી ગઢડા, વડતાલ, અમદાવાદ, જેતલપુર, જૂનાગઢ, મૂળી, ભૂજ આદિ ધામોનાં દર્શન કરવા ગયો હતો ને તે બધે ઠેકાણે મહારાજ તો મારી સાથે ને સાથે હતા.'' આવી હતી બાપાશ્રીની અલૌકિક રીતિ! બાપાશ્રી આમ બાળકો સાથે રમત રમતમાં અધ્યાત્મ પાઠ શીખવી દેતા ને પોતાની દિવ્ય સ્થિતિનું દર્શન કરાવતા. નિત્ય પ્રત્યે આવી દિવ્ય ચેષ્ટાઓ કરી બાળમિત્રોને સુખ ઉપજાવતા હતા. પોતે તો અખંડ મૂર્તિમાં જ રહ્યા હોય અને બાળકોને એમ દેખાય કે આપણા ભેળા રમે છે, પણ તેમનું રમણ તો મહારાજની મૂર્તિમાં જ હતું.

આવી બાળલીલાઓ કરતા કરતા બાપાશ્રી વયે મોટા થવા લાગ્યા. કિશોરાવસ્થાથી જ બાપાશ્રી મોટા હરિભક્તની જેમ વર્તવા લાગ્યા હતા. બ્રાહ્મમુહૂર્તમાં જાગી મૂર્તિનું ધ્યાન કરતા તથા નામ-સ્મરણ કરતા. પછી નાહી-ધોઈ પૂજા કરતા. તિલક ચાંદલો કરી માનસી પૂજા કરતા, પ્રદક્ષિણા કરતા, શિક્ષાપત્રી ને વચનામૃતનો પાઠ કરતા ને એક ચોસર (ચાર પદવાળાં) કીર્તન બોલતા. નિત્યે મંદિર જઈ ઠાકોરજીને દંડવત્ કરી દર્શન કરતા; કીર્તન શીખતા-ગાતા; વચનામૃત, ભક્તચિંતામણિ આદિ ગ્રંથોની મધુર સ્વરે કથા કરતા. મુક્તશ્રીના મુખકમળની કથા સાંભળનારા સંત-હરિભક્તના ચિત્તનો નિરોધ થઈ, શ્રીજીમહારાજની મૂર્તિમાં વૃત્તિ સ્થિર થઈ જતી. કેટલાકને હૃદયમાં સાક્ષાત્ મૂર્તિ દેખાતી, તો કેટલાકને સિંહાસનમાં પધરાવેલી મૂર્તિમાંથી ઝળઝળાટ છૂટતું અપરંપાર અને અતિ શ્વેત, શીતળ ને શાંત એવું તેજ દેખાતું ને તે તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ પણ તેજોમય દેખાતી ને બાપાશ્રી પણ

તે મૂર્તિ ભેળા દેખાતા. ક્યારેક તેજે સહિત મૂર્તિ બાપાશ્રી પાસે આવીને અદૃશ્ય થઈ જતી એવું દેખાતું. તેણે કરીને સર્વેને શ્રીહરિની મૂર્તિના સુખનો આનંદ અક્ષરધામમાં છે તેવો જ છતે દેહે આવતો. વળી બાપાશ્રીના દર્શન-પ્રતાપે કરીને ત્રિવિધના તાપથી કોઈને પરાભવ પણ થતો નહિ. આવો હતો બાપાશ્રીનો સહજ દિવ્ય પ્રભાવ.

બાપાશ્રી ઠાકોરજીની તથા સંત-હરિભક્તની સેવા પણ શ્રદ્ધા અને માહાત્મ્યે સહિત કરતા. શ્રીજીમહારાજના નંદ સંતોએ રચેલાં કીર્તનોમાંથી બાપાશ્રીને અગિયારસો ચોસર મુખપાઠ હતાં. તેમના મધુર કંઠે ને ઘેરે સાદે કીર્તન સાંભળવા એ પણ એક અમૂલ્ય લહાવો હતો. વળી પોતાના મિત્રગણને ભગવાન ભજવાનો ઉપદેશ કરતા કે, ‘‘ભગવાન સિવાય બધું જ દુઃખરૂપ છે ને મિથ્યા છે; એક શ્રીજીમહારાજની મૂર્તિ ને તેમના મુક્ત જ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. માટે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહી, કામકાજ કરતાં એક તેમની મૂર્તિ પામવાનો જ યત્ન કરવો. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે રામકૃષ્ણાદિક સર્વે અવતારોના અવતારી, પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા છે, માટે એક તેમનો જ દૃઢ આશરો રાખવો. શ્રીજીમહારાજ અથવા તેમના અનાદિમુક્ત મળે તેમને ઓળખીને તેમને શરણે થાવું તો સર્વે સાધન પૂરાં થઈ જાય ને આત્યંતિક મોક્ષ થાય.’’

બાપાશ્રી આમ કિશોરાવસ્થાથી જ પોતાના મિત્રો-સ્નેહી-સંબંધીઓને જ્ઞાનોપદેશ આપી શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરાવતા અને નિયમ ધર્મમાં રાખતા.

# ૫ અખંડ ધ્યાનસ્થ સ્થિતિ ને સમાધિ દર્શન

બાળપણથી જ બાપાશ્રીની દિવ્ય સ્થિતિ જણાઈ આવતી હતી. માતુશ્રી દેવબા જણાવતાં કે બાપાશ્રી બહુ ઓછું સ્તનપાન કરતા. ક્યારેક મહિને તો ક્યારેક બે મહિને ને ક્યારેક તો ત્રણ-ચાર મહિના સ્તનપાન કર્યા વગર મૂર્તિમાં નિમગ્ન રહેતા. બાપાશ્રી આમ બાળપણથી જ સહજ સમાધિસ્થ વર્તતા.

બાપાશ્રી જ્યારે સમાધિદશામાં હોય ત્યારે બીજાને તો સુખેથી સૂતા હોય તેમ જણાય, પણ પોતે તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી ગયા હોય અને એ મૂર્તિના અપરિમ્ અપરિમ્ સુખનો દિવ્યાનંદ માણતા હોય. આ સમાધિકાળમાં દેહની એકેય ક્રિયા ચાલતી નહિ. નાડી ગતિહીન અર્થાત્ સ્તબ્ધ થઈ જતી; ખાવું, પીવું, શૌચાદિક વગેરે હોય જ શાનું? ઘરમાં, વાડીએ ગમે ત્યાં સમાધિ થતી. ઘરમાં પણ સૌને ખબર પડી ગયેલી એટલે બાપાશ્રી સમાધિમાં જાય ત્યારે માથે કપડું ઓઢાડી દે ને પાસે બેસીને ખબર રાખે. ગામ-બહારગામના હરિભક્તો પણ બાપાશ્રીની સમાધિસ્થ સ્થિતિના દર્શન કરવા આવતા. બાપાશ્રી તો એ બધાથી અલિપ્ત થકા બે-પાંચ, આઠ-દસ દિવસે સમાધિમાંથી જાગે ત્યારે કોઈ પૂછે તો સાધારણ વાત કરે જે, ‘‘હું તો જાણે અક્ષરધામમાં જતો રહું છું; મને ખબર રહેતી નથી, મહારાજ કરતા હોય તે ખરું!’’

બાપાશ્રીના લગ્ન સમયનો પ્રસંગ જોઈએ. આ મુક્તશ્રી લગ્ન પ્રસંગે ગાડા (વહેલ)માં બેસતા જ મૂર્તિના સુખમાં ઊંડા

ઊતરી ગયા, જાણે નિદ્રામાં જતા રહ્યા હોય એમ સૌને જણાયું ત્યારે સાથે બેઠેલા જાનૈયા ને જાનડીઓ કહેતાં કે, ''આ તો આવા ને આવા જ રહ્યા. આમને તો ઘરની કે બહારની કાંઈ ખબર જ નથી. જગન હોય કે લગન હોય, પણ જ્યાં બેઠા હોય ત્યાં આમ ને આમ જ મહારાજની મૂર્તિમાં થીજી જાય છે. એ બધુંય ઠીક, પણ લગ્ન થાય એ ટાણે આમ ન કરતા હોય તો ઠીક.'' એમ કહીને હસતે મુખે એ તો ગીત ગાતા જ જાય. આ મુક્તરાજ તો શ્રીજીમહારાજના અલૌકિક સ્વરૂપમાં તલ્લીન હોય. આ રીતે જાન નારણપુર થઈ માનકૂવા ગામે પહોંચતા પહેલાં મુક્તશ્રી જાગ્રત થયા. ત્યારે પાસે બેઠેલા સૌએ કહ્યું કે, ''ભાઈ! આમ લગ્ન ટાણે સૂવાનું હોય?'' ત્યારે આ મુક્તરાજ કહેઃ 'સૂવે છે કોણ? આપણે તો મહારાજની મૂર્તિથી જરાય વારે જુદા ન રહેવું, સૂવુંય નહિ ને જાગવુંય નહિ, ખાવુંય નહિ ને પીવુંય નહિ, મહારાજ સાથે જોડાઈ રહેવું.'' પણ એ સુખમાં ગતિ ન પહોંચી હોય ત્યાં સુધી એવાં વચન તેઓ ક્યાંથી સમજી શકે? આ પ્રકારે લગ્નવિધિ પૂરો થયો પણ મુક્તરાજ તો મૂર્તિમાં જ જોડાયેલા રહ્યા હતા. કોઈએ તેમને પૂછ્યું ત્યારે ઉત્તરમાં કહ્યું કે, ''તમને મહારાજ સિવાય બીજું કેમ દેખાય છે? મને તો એ મૂર્તિ સિવાય બીજું કાંઈ નજરમાં જ આવતું નથી.'' આવાં વચનથી તેમની અલૌકિક સ્થિતિની વાત વધુ ને વધુ પ્રસરતી ગઈ.

આ રીતે થોડાં વર્ષ વીત્યા પછી જ્યારે આ મુક્તરાજને બરાબર યુવાવસ્થા આવી ત્યારે પણ સૌ કોઈ જાણી ગયું હતું કે બીજા મનુષ્ય જેવા આ નથી; આ તો કોઈ મહારાજના મોટા મુક્ત જ છે. નહિ તો યુવાન અવસ્થામાં વૃદ્ધાવસ્થા જેવી રીત

ન હોય. આમનું બોલવું, ચાલવું, જમવું, રમવું એ સર્વે જુદી જ રીતનું જણાય છે. સંતો પાસે અત્યંત દાસભાવ બતાવે છે, હરિભક્તો પાસે મિત્રભાવે વર્તે છે, માતાપિતા પાસે શિશુભાવ, સગાં-વહાલાં સાથે સ્નેહભાવ જણાવે છે, પણ જેની સાથે વાતો કરે છે તેમાં મૂર્તિ વિના બીજા શબ્દ બોલતા નથી. એક એક વાતે મૂર્તિનું દ્રષ્ટાંત દઈને જ વાત કરે છે. આવા આ અનાદિમુક્તરાજનાં દર્શનથી આનંદ પામતાં દેવબાઈને જ્યારે વૃદ્ધાવસ્થા જણાવા માંડી, ત્યારે પોતે તેમની પાસે બેસી શ્રીજીમહારાજની મૂર્તિ કેમ ધ્યાનમાં લેવી તે વાત કરવા લાગ્યા. ક્યારેક મૂર્તિનાં કીર્તન બોલે, પછી મહારાજનાં અંગોઅંગનું વર્ણન કરી સમજાવે, લીલાચરિત્ર કહે, પણ જ્યાં એ મૂર્તિના સુખનું બરાબર વર્ણન આવે ત્યાં પોતે જ સમાધિમાં જતા રહે, તેથી દેવબાઈને તેમના વિશે દિવ્યભાવ વધતો ગયો.

બાપાશ્રી જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ એકબીજામાં પરસ્પર વાતો થતા તેમની સ્થિતિની ઘણાઓને ખબર પડતી ગઈ. એ વખતે દહીંસરામાં કેસરોભાઈ, સુખપુરમાં દેવજીભાઈ, માંડવીમાં મહાસમર્થ લક્ષ્મીરામભાઈ, ભૂજમાં સૂરજબા, કેરામાં સદાબા ને રામપુરામાં ધનબા- એ પ્રસિદ્ધ મુક્તો હતાં. એ સર્વેને પણ આ મુક્તરાજ અબજીભાઈની સ્થિતિ બહુ જ મોટી લાગતી. જ્યાં સુધી આ મુક્તરાજ પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તતા હતા ત્યાં સુધી તો સૌ મનમાં ને મનમાં જાણતાં, પણ જ્યારે નિરાવરણ દૃષ્ટિવાળા મોટા સંત સદ્‌ગુરુ શ્રી અચ્યુતદાસજી સ્વામી તથા માંડવીમાં રહેતા અનાદિમુક્તરાજ લક્ષ્મીરામભાઈ, સૂરજબા, ધનબા, કેસરાભાઈ, દેવજીભાઈ એવા મહાસમર્થ મુક્તોએ તેમનો મહિમા કહેવા માંડ્યો, ત્યારે સૌ કોઈની વૃત્તિ તેમના

સામી તણાવા લાગી. આજુબાજુનાં ગામોમાં કથાપ્રસંગ હોય, સમૈયા હોય, મૂર્તિઓ પધરાવવાની હોય અથવા સગાં-વહાલાંઓને ત્યાં નાતતેડાં હોય ત્યારે હરિભક્તો તેમને હેતે સહિત મળતા, બોલાવતા, પ્રાર્થના કરી રાજી કરતા. બાપાશ્રી પણ સૌની સાથે જાય-આવે, પણ પોતાને તો અખંડવૃત્તિ મૂર્તિમાં જ રહે. વૃષપુર કે બીજે ગામ એકાદ દિવસ સૂઈ રહ્યા હોય ત્યારે સહુને એમની ખબર જે, પોતાની મેળાએ ઊઠે છે, તેથી કોઈ ઉઠાડે નહિ. વાડીમાં કે ઘેર મહારાજની વાત કરતા હોય ને નેત્ર ઘેરાવા લાગે કે વાત અધૂરી રહે ને ઢળી પડે; બીજા જાણે સૂઈ રહ્યા, પણ પોતે તો સમાધિદશામાં રહેતા. કલાકે, બે કલાકે, ચાર કલાકે જ્યારે જાગે ત્યારે જે કામ કરવાનું હોય તે ઊઠીને કરવા માંડે- આવી રીતે નિરંતર અલૌકિકભાવે વર્તતા ને વ્યવહારિક કામકાજ કરતા.

ક્યારેક ઘાસનો કે કડબનો મોટો ભારો માથે ઉપાડીને આવતા હોય ત્યારે કોઈ એમ જાણે જે, આવડો ભાર આમનાથી કેમ ઊપડતો હશે? કોઈ પૂછે કે, ''તમને ભાર નથી લાગતો?'' ત્યારે પોતે એમ ઉત્તર આપે જે, ''મહારાજની મૂર્તિ ધારીએ એટલે ભાર લાગે નહિ. આપણે મહારાજ વિના બીજું કાંઈ જોવું નહિ.'' આવા મર્મવચન બીજા ક્યાંથી સમજી શકે? એમની સ્થિતિને આ લોકના માણસ શું પારખી શકે?

કોઈ વખત વાડીમાંથી વહેલા બળદ ચારવા ગયા હોય ત્યારે ચાલતા ચાલતા પોતે ડુંગરા પર ચડી જાય, ત્યારે બળદ ક્યાંય ચરતા હોય તેની પોતાને ખબર ન રહે. કોઈ વખત બીજા સાથે હોય ને માર્ગ મૂકીને ટેકરા ઉપર જતા રહે ત્યારે સાથે હોય તે એમ પૂછે કે એમ ક્યાં જાવું છે? આમ કેમ કરો

છો? ત્યારે પોતે એમ બોલે જે, તમારે મારગ સામું જોઈને ચાલવું ને મારે મહારાજ સામું જોવું, તે ફેર તો પડે જ ને?

બાપાશ્રીની સમાધિ સ્થિતિનાં દર્શન કરનાર સૌ કોઈને અહોભાવ મનાતું. સામાન્યપણે તો મહારાજની મૂર્તિમાં જ લક્ષ હોય તેવું હંમેશાં દેખાઈ આવતું. તેમ છતાં ક્યારેક સમાસાર્થે સ્વતંત્રપણે બાપાશ્રી સમાધિમાં જતા-આવતા. સં. ૧૯૪૨માં છસો માણસોનો સંઘ લઈ તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા ત્યારે પણ રસ્તામાં કાજરડા ગામની સીમમાં તથા મૂળી મંદિરમાં સમાધિ થઈ હતી. તે સમયે હજારો જનોને એ અલૌકિક દર્શનનો લાભ મળ્યો હતો. સદ્ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે પણ ઘણા દિવસો સુધી સમાધિમાં રહ્યા હતા. ભૂજ મંદિરના સંતોએ તો બાપાશ્રીની સમાધિની પ્રતીતિ થતા, ઘણી વાર દર્શન કરી સંતોષ-સુખ અનુભવ્યા હતા. પચ્ચીસ-ત્રીસ વર્ષ સુધી આવી સ્વતંત્ર સમાધિ રહ્યા પછી ધીમે ધીમે આ સ્વતંત્ર સમાધિનું અખંડ સમાધિમાં રૂપાંતર થતું ગયું. બાપાશ્રી હંમેશાં મૂર્તિમાં રહ્યા થકા જ બધી ક્રિયા કરતા. પોતાની સમાધિ સ્થિતિ વિષે બાપાશ્રીએ સ્વયં કહેલું જે, ‘‘અમે તો શ્રીજીમહારાજના અનાદિમુક્ત છીએ ને તેમની મૂર્તિમાં રહીને અખંડ સુખ ભોગવ્યા કરીએ છીએ, પણ મૂર્તિમાં રહ્યા છીએ એ કોઈને નજરે દેખાય નહિ, માટે ખેંચાણ ન થાય તેથી અનેક જીવોના સમાસ અર્થે પહેલાં સમાધિ કરી અમારી સ્થિતિની સૌને પ્રતીતિ કરાવી અને હવે મોટા યજ્ઞ-પારાયણોનું આયોજન કરી, ગામેગામથી હજારો સંત-હરિભક્તોને તેડાવી શ્રીજીમહારાજનો પ્રતાપ જણાવી, તેમની મનોરમ દિવ્ય

મૂર્તિનું સર્વેને સુખ આપીએ છીએ. અમે તો લાખો જીવોને મહારાજના સુખમાં પહોંચાડવા આવ્યા છીએ.''

બાપાશ્રીની પ્રકૃતિ તો પ્રથમથી જ એવી હતી કે સહજ સ્વભાવે પોતે મૂર્તિના સુખની જ વાતો કરે, બીજું બોલે નહિ. આવા સ્વભાવથી તેમના તરફ સૌને વિશેષ આકર્ષણ થતું. હંમેશ એમ કહે જે, ''આપણે તો મૂર્તિની જ વાતમાં ધ્યાન રાખવું. પ્રકૃતિનું કારખાનું સર્વે વિસારવાનું છે. મૂર્તિ રાખે તેને મારું-તારું ન હોય, હર્ષ-શોક ન હોય. મૂર્તિ મળી ન હોય તે ભલે કૂટે.'' આવી દિવ્યવાણીથી તેમની આધ્યાત્મિક સ્થિતિ સહેજે કળાઈ આવતી.

એક વખત સાંજના પોતાની નાનકડી દીકરી વાલબાઈને ગામમાંથી નવી વાડીએ જતાં તળાવની ભાગોળમાં ઢાળ છે ત્યાં કોઈ વિકરાળ જનાવર દીઠામાં આવ્યું. તેનું મોઢું મોટું ને પૂછડું લાંબું જોઈને રાડ નીકળી ગઈ. તે રાડ પોતે વાડીમાં સાંભળી. એ વખતે જાદવજી નામનો હરિભક્ત પાસે ઊભેલ, તેને મુક્તરાજ કહે, ''જાદવા દોડ, જોને વાલબાઈએ કેમ રાડ પાડી?'' ત્યારે તે હરિભક્તે પાસે જઈ ધીરજ દીધી ને બન્ને વાડીમાં આવ્યા. ત્યાં મુક્તરાજે માથે હાથ ફેરવીને પૂછ્યું જે, ''વાલબાઈ! શું હતું? કેમ બીક લાગી?'' ત્યારે તે કહેઃ ''બાપા! મોટા પૂછડાવાળું ને મોટા મોઢાવાળું જનાવર કાળ જેવું હતું, તે જોઈને મારી તો રાડ નીકળી ગઈ.'' ત્યારે તેને મુક્તરાજ કહેઃ ''બાઈ, આપણને કાળ બાપડો શું કરનારો હતો? કાળ કર્મ તો જીવને માથે હોય! આપણે તો શ્રીજીમહારાજના છીએ, તેથી એવી બીક ન રાખવી ને જ્યાં જઈએ ત્યાં મહારાજની મૂર્તિ ભેળી રાખવી, તેથી કોઈની બીક ન લાગે. મૂર્તિ વિના બીજા સહુ

બીવરાવે એવા જ છે. મૂર્તિ હોય તો કોઈ પાસે આવી શકે નહિ. જોને સૂરજ હોય ત્યાં અંધારું આવે છે? હવે તું મહારાજને ભૂલીશ મા. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સૂતાં, બેસતાં, જાગતાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કહીએ, એટલે કોઈ પાસે જ આવી શકે નહિ.'' આમ જે જે વાત કરે તેમાં મહારાજનું મુખ્યપણું લાવતા.

ઘણી વાર પોતે અંતર્વૃત્તિ કરી બેઠા હોય તે દેખીને સંતો તેનો મર્મ જાણવા ક્યારેક એકાંતમાં બાપાશ્રીને પૂછતા કે, ''તમને બેઠા બેઠા નિદ્રા આવી જાય છે કે ધ્યાનમાં ઊતરી જાઓ છો?'' ત્યારે હસીને કોઈ વખત એમ કહે જે, ''મને કાંઈ ખબર પડતી નથી!'' કોઈ વખત કહે, ''તમે જાણતા હો તે ખરું!'' ક્યારેક તો એમ કહે જે, ''નિદ્રા કે ધ્યાન મહારાજ ન મળ્યા હોય ત્યાં સુધી હોય. તે મહારાજ મળ્યા ક્યારે કહેવાય તો અનુભવે કરીને મળે ત્યારે મળ્યા કહેવાય. આમ મહારાજ મળ્યા પછી એ બધું શું કામ કરવું પડે? પછી તો મૂર્તિ સામું જ જોઈ રહેવાનું હોય. એમાં બધું આવી જાય.'' આવાં અનુભવ-વચન સાંભળી સંતોને ઘણો સમાસ થતો ને કાંઈ ને કાંઈ વાતનો પ્રસંગ કાઢી મહારાજના મહિમાની રહસ્યભરી વાતો જાણતા. બાપાશ્રી પણ અનહદ કૃપા કરી જોગમાં આવનાર સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિના સુખની વાતો કરી, તેમાં રસતરબોળ કરી દેતા. આવા દિવ્ય સ્વરૂપ અનાદિમુક્તના પ્રત્યક્ષ જોગમાં આવી, તેમને યથાર્થપણે જેમણે ઓળખ્યા તેને શું બાકી રહે? તે સર્વે છતે દેહે જ શ્રીજીમહારાજની મૂર્તિના પરમ સુખને પામી ગયા.

## ૬ આદર્શ ગૃહિણીઃ દેવુબાઈ

અનાદિમુક્તરાજ જ્યારે કિશોરાવસ્થામાં આવ્યા ત્યારે શ્રીજીમહારાજના પ્રબળ સંકલ્પથી તેમના પિતા પાંચાભાઈ તથા માતુશ્રી દેવબાને પોતાના પુત્રને પરણાવવાની ઈચ્છા થઈ. તે જ સમયે શ્રીજીમહારાજની ઈચ્છાથી માનકૂવા ગામના પરમ ભગવદીય ભક્તરાજ કણબી ગાંગજી ને તેમના પત્ની રામબા તેમને પણ પોતાની પુત્રીને પરણાવવાની ઈચ્છા થઈ; તે ગાંગજીનાં દીકરી કેવાં હતાં, તો સુશીલ સ્વભાવવાળાં, ધર્મને વિષે નિષ્ઠાવાળાં, પ્રત્યક્ષ શ્રીજીમહારાજને વિષે દૃઢ ભક્તિવાળાં, અવસ્થાએ દશ વર્ષનાં ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શમદમાદિક ગુણે યુક્ત એવાં અને અતિ સ્વરૂપવાન ને જેમના શરીરની કાંતિ તેજસ્વી છે એવાં ગૌરાંગિની હતાં. સર્વે લોક પણ તેમને તેજોવતી કહેતાં અને તેમનું નામ પણ દેવુબા હતું. વૃષપુરના વેકરિયા પાંચાભાઈના પુત્ર અને રૂપ ને ગુણે કરીને કોઈની ઉપમા ન દેવાય તેવાં મુક્તસ્વરૂપ અબજીભાઈને પોતાની પુત્રી આપવા યોગ્ય જાણીને ગાંગજીભાઈએ અબજીભાઈ સાથે પોતાની પુત્રીનું સગપણ કર્યું. બાપાશ્રી તો એ જ દિવસે ઘરમાં સૂતા સૂતા કીર્તન બોલતા હતા જે, 'સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું'. આ જોઈ દેવબા તો મનમાં સમજી ગયાં કે મારા પુત્ર આ લોકના મનુષ્ય જેવા નથી, તો પણ આ લોકની રીતે સગપણ કર્યું છે. આને તો હરિવર જે શ્રીજીમહારાજ તેમની જ વાત છે. આમ પાંચાભાઈ અને દેવબાએ બાપાશ્રીને લોકરિવાજ પ્રમાણે પરણાવ્યા.

બાપાશ્રીનાં ધર્મપત્ની દેવુબાઈ પૂર્વના મુક્ત હોઈ બાપાશ્રીને સાક્ષાત્ ભગવાન તુલ્ય માની, તેમની અનુવૃત્તિમાં રહી દિવ્યભાવે તેમની અહોનિશ સેવા કરતાં. કોઈ દિવસ ઘરની સ્થિતિની બાપાશ્રી પાસે વાત કરતાં નહિ. શ્રીજીમહારાજની ઇચ્છાથી જે મળતું તેનાથી આનંદે પોતાનો વ્યવહાર ચલાવતાં અને બાપાશ્રીને પ્રસન્ન રાખતાં. આંગણે જે કોઈ અતિથિ-અભ્યાગત આવે તે સંતુષ્ટ થઈને જ જતા.

કચ્છના ચોવીસ ગામમાંથી કોઈ ને કોઈ હરિભક્તો તો રોજ દર્શને આવે જ. તે સૌને દેવુબાઈ બહુ ભાવથી જમાડતાં. શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે ગૃહસ્થ સત્સંગીએ જે રીતે અતિથિ ત્યાગી-ગૃહીની સેવા કરવી જોઈએ એવી રીત દેવુબાઈ હંમેશાં જાળવતાં. બાપાશ્રીની દરેક ક્રિયા દિવ્ય અને કલ્યાણકારી છે એમ સમજીને સાથે ને સાથે સુખડની જેમ ઘસાતા. જેને આવા અનાદિમુક્તરાજ સાથે હથેવાળો થયો તેને વિષે વધુ શું કહેવાનું હોય! આવા મહામુક્તના દર્શનમાત્રે અનંત જન્મના તાપ-સંતાપ નાશ પામી જાય તો જે એમના જ થઈ રહ્યા તેને શું કરવાનું રહે!

આ રીતે દુર્બળ સ્થિતિમાં પણ દેવુબાની માફક ધીરજ રાખી, સંતોષ માની પ્રભુ ભજવા અને અન્યનું કલ્યાણ થાય એવો વ્યવહાર ચલાવવો એ જ પતિવ્રતા નારીની ખરી કેળવણી છે. સત્સંગના આવા ઉત્તમ સંસ્કારો જે સ્ત્રીને મળ્યા હોય તેનો જ ગૃહસંસાર ઉજ્જવળ બની રહે છે. આથી સર્વે સત્સંગીઓએ પોતાની બહેન-દીકરીઓ ‘ભક્તિમાતા’ અને ‘દેવુબાઈ’ જેવી આદર્શ સત્સંગી ગૃહિણી બને તેવા ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવાની ચીવટ રાખવી જોઈએ. જો કન્યાની

કેળવણી બરાબર હોય તો બાળકો ભાવિ તેજસ્વી સત્સંગી નાગરિકો બને. આપણે ઘેર જે પણ જીવ જન્મે તેને શ્રીજીમહારાજે સત્સંગની વૃદ્ધિ માટે મોકલ્યો છે એવા મહિમાનો ખ્યાલ રાખી તેનામાં બાળપણથી જ સત્સંગના સંસ્કાર રેડવા જોઈએ. એ જ ખરી સેવા છે. આ બધા સંસ્કાર નાનપણમાં તો માતૃસ્વરૂપ બહેનો જ આપી શકે. તેથી જ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે 'मातृदेवो भव'. આ દૃષ્ટિએ ઉચ્ચ કોટિના મુક્ત અને બાપાશ્રીનાં ધર્મપત્ની દેવુબાઈ સર્વે બહેનોને સદાકાળ આદર્શ ગૃહિણી તથા માતા તરીકે અનુકરણીય રહેશે. ધન્ય છે મુક્તસ્વરૂપ દેવુબા માત!

## ૭ નિર્ગુણ ગૃહસ્થાશ્રમ

સમજણા થયા ત્યારથી બાપાશ્રી પાંચાભાઈને ખેતીના કામમાં થોડી થોડી મદદ કરતા. ભજન-સ્મરણમાંથી પરવારીને વાડીએ જઈ કોસ હાંકતા, ક્યારા વાળતા વગેરે કામ કરતા, પણ આ બધી ક્રિયામાં તેમની વૃત્તિ તો અખંડ શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રહેતી. ખેતીમાં આવક ઓછી હોવાથી પાંચા પિતા તેમને પોતાની સાથે જરૂરી કમાઈ થાય એ દૃષ્ટિએ કરાંચી લઈ ગયેલા, પણ ધર્મપરાયણતા અને શુદ્ધ આચારના ચુસ્ત આગ્રહી એવા બાપાશ્રીને ત્યાંના ધર્મશિથિલ ને માંસાહારી લોકોના દેશમાં રહી, લાંબો સમય કામ કરવું રુચ્યું નહિ. તેથી પાછા વૃષપુર આવતા રહ્યા અને 'ભગવાન ભજવાના માર્ગમાં આડો આવે તેવો વ્યવહાર કરવો નથી' તેવા દૃઢ નિશ્ચય સાથે મહાસમર્થ મુક્ત પર્વતભાઈની જેમ ખેતીકામ કરતા રહ્યા. બાપાશ્રી શરીરે હૃષ્ટપુષ્ટ ને મહેનતુ અંગવાળા હતા; તેમાંય વળી મહારાજ અખંડ ભેળા ને ભેળા પછી પૂછવું જ શું? એટલે આશ્ચર્યજનક રીતે થોડા સમયમાં ઘણું બધું કામ કરી નાખતા. તેમની કામ કરવાની રીત પણ ચમત્કારિક હતી.

માતાપિતાની વૃદ્ધાવસ્થા થતાં બાપાશ્રીએ પ્રથમ પોતાનાં માતુશ્રી દેવબા ને પછી પિતાશ્રી પાંચાભાઈને અલૌકિક રીતે શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં મૂકી દીધા. પાંચાભાઈ ધામમાં ગયા પછી વ્યવહારકાર્યનો બધો ભાર બાપાશ્રીના માથે આવી પડ્યો, તોપણ કોઈ પણ જાતની ચિંતા ન કરતા બધું મહારાજ પર મૂક્યું અને પોતાનો ગૃહવ્યવહાર પૂર્વવત્

ચલાવતા રહ્યા.

બાપાશ્રીને બે પુત્રો- કાનજીભાઈ ને મનજીભાઈ તથા બે પુત્રીઓ- વાલબાઈ ને રાધાબાઈ હતાં. તે સર્વે પણ મુક્ત રત્નો હતાં. બાપાશ્રી જેવા અનાદિમુક્ત પિતાની સેવા ક્યાંથી મળે? અહોભાગ્ય તે આવી સેવા મળી, એવા દિવ્યભાવથી એ બંને પુત્રો ને પુત્રીઓએ અનુવૃત્તિમાં રહી, ખડે પગે સેવા કરીને બાપાશ્રીની ખૂબ પ્રસન્નતા મેળવી હતી.

બાપાશ્રીએ પોતાની વાડીમાં બે સાથી રાખેલા. તે હરિભક્તો સારા હતા ને મહિમાવાળા હતા. તેથી બધું કામકાજ પોતાના ઘરનું જાણી કરતા, ઘરમાંથી દેવુબા તથા પુત્રી વાલબાઈ જેમ કહે તેમ એ કરે. પુત્ર કાનજીભાઈ તો પ્રથમથી જ સાદા અને ભોળા હોવાથી એ સૌ મળી ઘર તથા વાડીનું કામકાજ ચલાવતા. મુક્તશ્રીનું ખાતું વગેરે કુંવરજી પટેલને ત્યાં હતું, તે તો આ મુક્તરાજનો મહિમા બરાબર જાણતા. વળી સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ તેમને કાનમાં એવા મંત્ર ભણાવેલા કે ‘કુંવરજીભાઈ! દીકરા બે વધુ હોય તો ભાગ લે કે નહિ? આ તો અક્ષરધામમાં લઈ જાય તેવા છે. માટે માગે તે દેજો ને આપે તે લેજો. કાંઈ રહી જશે તો તેને બદલે અમે અક્ષરધામમાં તમને મોટું ઈનામ અપાવશું.’ એવા મહિમાવચનથી તેમને તો એમ જ થઈ ગયું કે, આપણને આ મોટી સેવા મળી ગઈ. તેથી કરજની કોઈ વાતે ચિંતા ન રહી.

દુર્બળ ગૃહવ્યવહાર છતાં બાપાશ્રી તો જે હરિભક્ત ગામડેથી આવે તેને ‘ચાલો ઠાકોર જમાડવા’ એમ કહી ઘેર લઈ જાય ને રોટલા, ખીચડી, શાક, છાશ જે હોય તે જમાડી

દે. જ્યારે મંદિરમાં સંતો આવે ત્યારે સીધુસામાન તૈયાર કરે. વ્યવહારમાં ઘણી દુર્બળતા હોવાથી ઘરમાં દેવુબા કે પુત્રી વાલબાઈ કોઈ વખત મૂંઝાય, કેમ કે ઘરમાં લોટ, ગોળ કે ઘી ન હોય ને સીધુ લેવા આવે ત્યારે ઘરમાં કાંઈ નથી ને શું આપશું? એમ જાણી કોઈ બોલે નહિ. ત્યાં તો પોતાની મેળાએ ઘી, ગોળ, લોટ, ખીચડી વાસણમાંથી ભરીને ચાલતા થાય. દેવુબા કે વાલબાઈ પાછળથી જુએ તો વાસણમાં કાંઈ ન મળે. તેથી વિચારે જે વાસણમાં કાંઈ ન હતું ને ક્યાંથી બધું લઈને ગયા. આવું અલૌકિક ચરિત્ર જોઈને ઘરમાં પણ સૌને દિવ્યભાવ વધતો ગયો.

બાપાશ્રીએ તો આબાલ-વૃદ્ધ બાઈ-ભાઈ સર્વેને શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા કરવા મહારાજના સંકલ્પથી ગૃહસ્થાશ્રમ કર્યો હતો, પણ પોતાને તો મૂર્તિ સિવાય કશી વાતની રુચિ ન હતી. આ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં જ મસ્ત રહીને બધું કાર્ય કર્યે જતા. એક વખત મૂર્તિના સુખમાં નિમગ્ન થકા વાડીમાં કોસ હાંકતા હતા. ત્યારે રામપુરથી થોડા હરિભક્તો બાપાશ્રીના દર્શન-સમાગમ માટે આવ્યા. તે ઘણી વાર સુધી રાહ જોઈ ઊભા રહ્યા તોપણ પોતાને તેની ખબર પડી નહિ. પછી તે હરિભક્તોએ તેમનો સ્પર્શ કરી ઊંચે સાદે 'જય સ્વામિનારાયણ' કહ્યા ત્યારે ખબર પડી. પછી કોસ છોડી નાખીને સૌની સાથે બેઠા ને મહારાજના મહિમાની ઘણીક વાતો કરી. આમ સતત કાર્યરત રહેતા છતાં મહારાજની મૂર્તિમાં રસબસ લીન રહી કાર્ય કરવાની સરસ રીત સૌને બતાવતા.

સમય જતાં શ્રીજીમહારાજની ઇચ્છાથી આર્થિક વ્યવહાર

સુધર્યો. છતાં બાપાશ્રીની સાદાઈ તો હતી તેવી ને તેવી જ! લગ્નમાં કે જ્ઞાતિમાં કોઈ પ્રસંગે જવું પડે કે દિવાળી જેવા મોટા ઉત્સવના દિવસ હોય તો ય લૂગડાં એના એ જ પહેરે. જમવામાં પણ એ જ રોટલા, શાક, ખીચડી ને છાશનું સાદું ભોજન. ગળ્યું-ચીકણું તો કોઈ દિવસ જમે જ નહિ. તેમાં પણ કોઈ કાંઈ પીરસવાનું ભૂલી જાય તો સામેથી માગે નહિ. ખારું-મોળું તો કોઈ દિવસ બોલે જ નહિ. રજોગુણ કે તમોગુણ તો કદી જોવા જ ન મળે. આમ પોતાના જીવનકાર્ય દ્વારા સત્સંગના ધોરણ મુજબના રહેણી-કરણી, ખાન-પાન વગેરેમાં ત્યાગ, તપ, વૈરાગ્યેયુક્ત સાદાઈના પાઠ સર્વેને શીખવતા. આ પ્રમાણે બાપાશ્રી ગૃહસ્થાશ્રમી હરિભક્તોએ કેવી રીતે વ્યવહાર ચલાવવો જોઈએ તેનો સક્રિય બોધ મળે તેવો વ્યવહાર ચલાવતા.

બાપાશ્રીમાં કુદરતી રીતે ગરીબ ને સૌમ્ય પ્રકૃતિ જણાતી હતી. તેથી કોઈ સાથે વાદવિવાદ કે વાંધો તો પડતો જ નહિ. કોઈને વઢવાની તો બિલકુલ ટેવ જ નહિ. કીડી જેવા જીવને પણ દુઃખવવો નહિ એ વાતનું પૂરેપૂરું અનુસંધાન રાખતા. પણ આજ્ઞાલોપ કે પંચ વર્તમાનમાં ફેર પડે તે બિલકુલ ચલાવતા નહિ. કડક રીતે પણ માઠું ન લાગે એ રીતે હિતનાં વચન કહી યોગ્ય પ્રાયશ્ચિત્ત કરાવી શુદ્ધ કરી સુખિયા કરતા. વળી સત્સંગના નિયમ પ્રમાણે ધર્માદો વગેરે પણ બરાબર કાઢતા-કઢાવતા. ગૃહસ્થને શ્રીહરિયાગ તેમ જ પારાયણ-યજ્ઞ વગેરે કરવાની આજ્ઞા શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કરી છે તે પ્રમાણે બાપાશ્રીએ પણ અનેક જીવોના ઉદ્ધાર અર્થે શ્રીહરિયાગ સહિત મહામોટા છ પારાયણ

બ્રહ્મયજ્ઞો પણ કર્યા હતા. કથા-વાર્તારૂપ બ્રહ્મયજ્ઞ તો નિરંતર અખંડ ચાલ્યા જ કરતો. અનાદિમુક્તની જીવનચર્યા તો સર્વે મનુષ્યને શિક્ષાર્થે જ હોઈ સઘળી રીતે સમાસકારી ને પારમાર્થિક હોય એમાં શું કહેવું?

## ૮ બાપાશ્રીનો મહિમા મોટા મોટા સદ્‌ગુરુઓને!

સૂરજ ઢાંક્યો ન રહે તેમ બાપાશ્રીની સ્થિતિ પણ છાની ન રહી. ખરો ઝવેરી હોય તે જ સાચા હીરાનું પારખું કરે. મહારાજનો ખરો મહિમા તો અનાદિમુક્ત જ જાણે. કેટલાક સ્થિતિવાળા સદ્‌ગુરુઓએ અનાદિમુક્તરાજ બાપાશ્રીની અગાધ સ્થિતિ પારખી લીધી હતી. તેમના દ્વારા સમગ્ર સત્સંગમાં બાપાશ્રીની દિવ્ય સ્થિતિ વિષે જાણ થઈ ગઈ. તેથી અનેક સંત-હરિભક્તો બાપાશ્રીના દર્શન-સમાગમ કરવા આવવા લાગ્યા.

સદ્‌ગુરુ સ્વામીશ્રી અચ્યુતદાસજી તો બાપાશ્રી નાના હતા ત્યારથી જ ઓળખી ગયા હતા. એટલે જ તો બાપાશ્રીને વર્તમાન ધરાવતા તેઓ બોલ્યા હતા કે ''આ તો અનેક જીવનાં કલ્યાણ કરે એવા છે. દેખાય છે નાના પણ બહુ મોટા છે.''

આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ બાપાશ્રીને 'સમાધિવાળા અબજીભાઈ' તરીકે ઓળખતા. એક વખત જ્યારે આચાર્ય મહારાજશ્રી બીમાર હતા ને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તેમને જોવા અમદાવાદ પધાર્યા હતા ત્યારે જોગાનુજોગ બાપાશ્રી પણ અન્ય હરિભક્તો સાથે અમદાવાદ પધારેલા. ત્યારે આચાર્ય મહારાજશ્રીએ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને 'આ કચ્છના સમાધિવાળા અબજીભાઈ' એમ કહી બાપાશ્રીની ઓળખ આપી હતી. એ વખતે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી રાજી થઈને બાપાશ્રીને બાથમાં લઈ મળ્યા હતા.

સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામીના સમર્થ શિષ્ય

સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીને તો બાપાશ્રીનો બહુ મહિમા હતો. મોટા ભાગના સત્સંગને બાપાશ્રીની ઓળખાણ તેમણે કરાવી હતી. તેઓ તો સભામાં ચોખ્ખું જ કહેતા કે, ‘‘આજ શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારે જ બધું કાર્ય કરે છે. માટે જેને મૂર્તિના સુખને પામવું હોય તેમણે બાપાશ્રીનો જોગ-સમાગમ અવશ્ય કરવો. ચપટી વગાડો તેટલી જ વારમાં આવરણ હટાવી મૂર્તિના સુખની અનુભૂતિ કરાવી દે એવા એ મુક્તરાજ છે.’’ પોતાના શિષ્યોને પણ પોતાના દેહવિલય બાદ બાપાશ્રીનો જોગ-સમાગમ કરવાની આજ્ઞા કરી ગયા હતા. તેમાંય પોતાના પટ્ટશિષ્ય સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજીનો તો હાથ બાપાશ્રીના હાથમાં આપી બાપાશ્રીને આ સદ્‌ગુરુ માટે ભલામણ કરી હતી કે, ‘‘ભાઈ, આ સાધુ તમારા છે, તમે એને સુખિયા કરજો.’’ સ્વામીશ્રીના આવા વચનથી બાપાશ્રીએ તો સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને સુખ આપવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને પણ બાપાશ્રી વિશે અનન્ય દિવ્યભાવ ને આત્મબુદ્ધિ હતી. બાપાશ્રીના વચને અમદાવાદ મંદિરની મહંતાઈનો ત્યાગ કરી બાપાશ્રીના સંકલ્પ અનુસાર શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપવા-અપાવવાના સર્વોત્કૃષ્ટ કાર્યમાં જોડાઈ ગયા. સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી સાથે એકરુચિવાળા સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ પણ બાપાશ્રીના વચને ધોળકા મંદિરની મહંતાઈ છોડી દીધી હતી. તેમને પણ બાપાશ્રીએ મૂર્તિના સુખનો અનુભવ કરાવ્યો હતો. આ બંને સદ્‌ગુરુઓની સાથે જોડાયેલા અમદાવાદ મંદિરના જ સદ્‌ગુરુ શ્રી ઘનશ્યામજીવનદાસજીને પણ બાપાશ્રી વિષે દિવ્યભાવ ને

ઘણો મહિમા હતો.

મૂળી મંદિરના સદ્‌ગુરુવર્ય શ્રી હરિનારાયણદાસજી સ્વામી પણ બાપાશ્રીને જેવા છે તેવા ઓળખીને બાપાશ્રી સાથે અત્યંત હેત રાખતા. સં.૧૯૭૨માં છપૈયામાં જન્મસ્થાને શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા સમયે બાપાશ્રી નવસો માણસનો સંઘ લઈ છપૈયા ગયા હતા. ત્યાંથી વળતી વખતે સંઘના પચાસ માણસોને કોલેરા થઈ ગયો હતો. તેમને મૂળીમાં શ્રી હરિનારાયણદાસજી સ્વામીએ બાર મણ દહીંમાં આઠ મણ ખાંડ ભેળવીને પીવડાવ્યું તેમ જ બે ગાડાં તડબૂચ ને આઠ મણ દાડમ જમાડી, સાજા કરીને બાપાશ્રીને ખૂબ રાજી કર્યા હતા. આ સ્વામીશ્રીએ બાપાશ્રીના માર્ગદર્શન પ્રમાણે શ્રી ઘનશ્યામ મહારાજની પૂરા કદની અલૌકિક ધ્યાન મૂર્તિ આરસમાંથી બનાવડાવી હતી. શ્રીજીમહારાજ એ જ મૂર્તિ સ્વરૂપે હાલ આ પુસ્તકને પ્રકાશિત કરનાર સંસ્થા 'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'ના પ્રાર્થના ખંડમાં બિરાજી સૌને દર્શન આપી સુખિયા કરે છે.

મહાન સદ્‌ગુરુ શ્રી અચ્યુતદાસજી સ્વામીએ શ્રીજીમહારાજના કચ્છ વિચરણ પર લખેલ પુસ્તક 'શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર'ને પદ્ય સ્વરૂપ આપનાર ભૂજ મંદિરના વિરલ બ્રહ્મચારી શ્રી નિર્ગુણાનંદજીને તો બાપાશ્રી પ્રાણ સમાન હતા. બાપાશ્રીને વિષે તેમને એવું અદમ્ય હેત હતું કે બાપાશ્રીને જોતાં જ તેઓ હર્ષઘેલા થઈ જતા. બાપાશ્રીએ પણ તેમને શ્રીજીમહારાજની મૂર્તિનો સીધો સંબંધ કરાવી સુખિયા કર્યા હતા. વળી સદ્‌ગુરુ શ્રી અચ્યુતદાસજી સ્વામીના શિષ્ય ને ભૂજના મહંત સદ્‌ગુરુ શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી

પણ બાપાશ્રીનો મહિમા જાણી ખૂબ હેત રાખતા.

સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી બાપાશ્રીના જોગ-સમાગમનો લાભ મળે તે માટે અમદાવાદ છોડી ભૂજ મંદિરમાં આવીને રહ્યા હતા. બાપાશ્રીએ પણ તેમના પર મૂર્તિના સુખની અનહદ વર્ષા કરી હતી. બાપાશ્રીના દિવ્ય જીવનના અલૌકિક પ્રસંગો ચિરસ્મરણીય બની રહે ને ભાવિ પેઢીઓ બાપાશ્રીના સમાગમનો પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે પણ લાભ લઈ શકે એ હેતુથી મુનિસ્વામીએ બાપાશ્રીના જીવન પર 'શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' નામે પુસ્તક લખ્યું છે.

આ સદ્‌ગુરુઓ ઉપરાંત અન્ય મહાન સદ્‌ગુરુઓ જેવા કેઃ શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી, શ્રી દેવજીવનદાસજી સ્વામી, શ્રી ગુણાતીતદાસજી સ્વામી, શ્રી ઉત્તમપ્રિયદાસજી સ્વામી વગેરે સમર્થ સંતો પણ બાપાશ્રીનો જોગ-સમાગમ કરી, શ્રીજીમહારાજની મૂર્તિના અલૌકિક સુખનો કૃપાપ્રસાદ પામ્યા હતા. શ્રીજીમહારાજે સંકલ્પ કરીને મોકલેલ પોતાના અનાદિમુક્તનો ખરો મહિમા તો મોટા હોય તે જ જાણી શકે ને? મોટાનો મહિમા મોટા જાણે.

## ૯ યજ્ઞ-પારાયણોઃ દિવ્ય સુખની લહાણી

જીવને જ્યારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન અથવા તેમના મુક્તનો યોગ થાય છે ત્યારે જ તે મોક્ષમાર્ગે ચાલવા સમર્થ થાય છે. આથી જ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક યજ્ઞ, સમૈયા આદિ આત્યંતિક મોક્ષકારી પ્રવૃત્તિઓનું આયોજન કરી જીવોને ખેંચ્યા ને તેમને જ્ઞાન પ્રદાન કરી પોતાના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હતો. અનાદિમુક્ત બાપાશ્રીએ પણ શ્રીજીમહારાજની એ પ્રણાલી ચાલુ રાખી, અનેક યજ્ઞ પારાયણો દ્વારા અસંખ્ય મુમુક્ષુજનોને શ્રીહરિની મૂર્તિમાં જોડી સુખિયા કર્યા હતા.

બાપાશ્રી પાસે નાના નાના જ્ઞાનયજ્ઞો તો હંમેશ ચાલુ જ રહેતા. તદુપરાંત બાપાશ્રીએ છ મહામોટા કલ્યાણકારી યજ્ઞો કર્યા હતા. આ યજ્ઞોની સ્વયંસંચાલિત તૈયારીઓ, વ્યવસ્થા ને ઉમંગ અનેરા હતા. બાપાશ્રીને વિષે અનન્ય હેતવાળી ગુજરાતની મુક્તત્રયી- સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી તથા સ. ગુ. શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી તો પ્રથમથી જ હોય. સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી સૌના માર્ગદર્શક સંત-મૂર્તિ હતા. બાપાશ્રીના સમગ્ર હેતવાળા સત્સંગ પરિવારમાં તેમનું કહ્યું મનાય એવા સમર્થ ને દિવ્ય ગુણે સંપન્ન હતા. તેમનામાં અનુવૃત્તિમાં રહેવું વગેરે રૂડા ગુણો હોઈ તેમણે બાપાશ્રીને વશ કરી લીધા હતા. બાપાશ્રી પણ 'સ્વામી, સ્વામી' એમ કરતા. જ્ઞાનાચાર્ય સદ્. વૃંદાવનદાસજી તો વાત્સલ્યની જ મૂર્તિ. આખો દિવસ મૂર્તિ સિવાય કશું ચિંતવન

જ નહિ. તેમની પરાવાણીના અધિકારી થવું એ તો અતિ દુર્લભ લહાવો. ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની તો વાત જ ન્યારી. બાપાશ્રીને વિષે અનન્ય પ્રેમ. બાપાશ્રીના રાજીપાથી તેઓ તો સઘળું 'શ્રીજીમય' જ દેખતા. બાપાશ્રી તેમને પ્રાણ સમાન હતા. તેમની વાતોમાં 'મહારાજ' ને 'બાપા' જ હોય. બ્રહ્મચારી મહારાજ બાપાશ્રી સારુ સેવા માટે ખડા પગે સદાય તત્પર. સ. ગુ. પુરાણી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી તો બાપાશ્રીના રાજીપાથી મૂર્તિનું સુખ અખંડ ભોગવતા હતા. બાપાશ્રીના પારાયણ યજ્ઞના સર્વોત્તમ વક્તા તરીકે તેમની વરણી થતી.

આ પાંચ સંતવિભૂતિઓ ઉપરાંત બીજા પણ ઘણા મોટા સંતો આવા કાર્યમાં સેવારૂપ થવા હંમેશાં હાજર હોય જ. એ બધાને બાપાશ્રીમાં એવી આત્મબુદ્ધિ હતી, જે સ્વયં બાપાશ્રી પણ તેમને ''મારા સાધુ'' એમ કહેતા હતા. આવા યજ્ઞની તૈયારીમાં બાપાશ્રીના હજૂરી સેવક આશાભાઈ તો આગળ ને આગળ હોય. બાપાશ્રીના સંકલ્પ પ્રમાણે તેમનું અંગ વળે અને વીજળીના જેવી ચપળતાથી બાપાશ્રીની સેવા કરે. મોતીભાઈ કારભારી પણ હિસાબ-કિતાબ રાખવા અને અન્ય વ્યવસ્થા કરવા શરૂથી જ હાજર થઈ જતા.

કચ્છના દિવ્ય સત્સંગની અનેક સાંખ્યયોગી બાઈઓને બાપાશ્રી વિષે મુક્તભાવ હોવાથી તેઓ પણ બાપાશ્રીને ત્યાં કાંઈ નાનો મોટો અવસર હોય ત્યારે પહેલેથી જ સેવામાં હાજર થઈ જતાં. પાકશાળાનો બધો જ ભાર તેઓ જ ઉપાડી લેતાં અને તેમાં ઊભે પગે સેવા કરતાં.

આ બધી સાંખ્યયોગી બાઈઓનાં મોવડી હતાં રામપુરના

અ. મુ. ફઈબાશ્રી ધનબાઈ. ફઈબાશ્રીને તથા બાપાશ્રીને એક ગાંઠ હતી. બન્ને એકબીજાને પૂછીને કાર્ય કરતાં અને એકબીજાને ત્યાં કાર્ય પ્રસંગમાં એક પગે ઊભા રહેતાં. આ બધામાં બાપાશ્રીની મહામુક્ત દીકરીઓ વાલબાઈ અને રાધાબાઈ તો દિવસ-રાત જોયા વગર સેવારત રહેતાં.

નારણપુરવાળા ધનજીભાઈ પટેલ તો બાપાશ્રીના દીવાન. વ્યવહારકાર્યમાં તે હંમેશાં બાપાશ્રીની પડખે રહેતા. એ ઉપરાંત રામપુરના મુક્તરાજ દેવરાજભાઈ, બળદિયાના ઝીણોભાઈ પટેલ, માવજીભાઈ પટેલ, ગાંગજીભાઈ વગેરે મોટા મોટા હરિભક્તો સહિત કણબીની આખી જ્ઞાતિ બાપાશ્રીના યજ્ઞકાર્યમાં કેડ બાંધી સેવા કરતી. કચ્છના સત્સંગમાં ધર્મ સંબંધી કોઈ પણ કાર્ય કરતા પહેલાં 'બાપાશ્રી' તથા ભૂજ મંદિરના સંતોની આજ્ઞા લઈ, તેમના માર્ગદર્શન પ્રમાણે કાર્ય કરવાની પદ્ધતિ હતી. ભૂજમાં જે મોટા સંતો ગણાતા તે સૌ પણ આવા યજ્ઞ પારાયણ સમૈયામાં અગાઉથી જ ઉપસ્થિત રહેતા ને સૌને સત્સંગનું સુખ આપતા.

કચ્છના હરિભક્તોને તો આવા સમૈયાઓમાં વિવાહથી પણ વિશેષ આનંદ આવતો. કામકાજ છોડી, સારાં વસ્ત્ર-ઘરેણાં પહેરી સૌ પારાયણમાં હાજર થઈ જતા. ઠાકોરજી જમાડી મોડી રાત સુધી કીર્તન-ભજન-રાસ વગેરેમાં મસ્ત રહેતા. ઠાકોરજીની પાલખી આખા ગામમાં ફરે. તેના વરઘોડામાં બાઈ-ભાઈ ઉત્સવ કરતાં અને કીર્તન ગાતાં આવે. આગળ કણબી જુવાનો બંદૂકોના ભડાકા બહાર કરતા આવે. ગામમાં ઘેર ઘેર રોશની થઈ જાય, જાણે દિવાળી ન હોય, એમ સર્વત્ર ઝાકમઝોળ થઈ જતું. જમવામાં પણ હારબંધ પંક્તિ કરી

ચૂપચાપ મહારાજ સંભારી જમી લેતાં. ઉતારા પણ ગામને પાદરે સીમમાં ગાડાં છોડી ત્યાં જ કરતાં ને શહેરથી પધારેલા હરિભક્તો માટે ગામના હરિભક્તો પોતાનાં ઘર ખાલી કરી દઈ વાડીએ જઈ રહેતાં.

બાપાશ્રી આ સૌ પ્રેમી સંત-હરિજનોને લાડ લડાવવા અને શ્રીજીમહારાજની મૂર્તિનું અનુસંધાન રખાવે એવા દિવ્ય સંભારણાં કરવા, મોટા યજ્ઞ-પારાયણોનું આયોજન કરાવતા. વળી આવા યજ્ઞમાં પણ યજ્ઞ થયા કરતા તે શું તો કોઈ સંત કે હરિજન ચંદન બનાવી લાવે ને બાપાશ્રીને ભાલે ચર્ચે. બીજા પણ બાપાશ્રીની ચંદનથી પૂજા કરતા. બાપાશ્રી પણ સૌ હરિભક્તોને ચંદન ચર્ચે, કંકુના ચાંદલા કરે ને માથે હાથ મૂકી આશીર્વાદ આપે. સેવા કરતા સંત-હરિભક્તોને ઉત્સાહ પ્રેરવા બાપાશ્રી વારંવાર દર્શન દેવા પાકશાળામાં પધારે, પંક્તિમાં ફરે અને સૌને જમાડી રમૂજ કરતા જાય, લાકડી અડાડતા જાય, જરૂરી સૂચનાઓ આપતા જાય ને બધું કામ તપાસતા જાય. ઘણી વાર તો એક ઠેકાણે રહ્યા થકા બીજે બધે દર્શન દેતા. કથામંડપમાં બેઠેલા દેખાય, કાળી તલાવડીએ નહાવા જાઓ તો ત્યાં દર્શન થાય, પાકશાળામાં, પંક્તિમાં, ઉતારામાં જ્યાં જુઓ ત્યાં બાપાશ્રી તો પ્રત્યક્ષ જ. આવી રીતે પ્રતાપ ને અલૌકિકતા જણાવી યજ્ઞમાં આવેલાં સર્વે સંત-હરિજનોને મૂર્તિના સુખના મહારસનું પાન કરાવી સુખિયા કરતા.

## બાપાશ્રીએ કરેલા આત્યંતિક મોક્ષકારી ૭ મહાયજ્ઞો

(૧) સં. ૧૯૫૯ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ મંગળકારી યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞમાં 'સત્સંગિજીવન' તથા 'શિક્ષાપત્રી

ભાષ્ય'નું પારાયણ બેસાર્યું હતું. તેના વક્તા તરીકે મૂળીના સદ્. બ્રહ્મચારી બાળમુકુંદદાસજી શાસ્ત્રી હતા. આ મહાયજ્ઞમાં અનેક સંત-હરિભક્તો, બાઈઓ, ભાઈઓ, આબાલ-વૃદ્ધ સૌએ કથા-શ્રવણનો તથા બાપાશ્રીના દર્શન-સેવા-સમાગમનો અનેરો લહાવો લીધો હતો. મોટા મુક્તના જોગે કરીને, જેવું પ્રગટ શ્રીહરિના જોગમાં સુખ આવે, તેવું સુખ તે યજ્ઞમાં સર્વેને આવતું. બાપાશ્રીએ તે યજ્ઞમાં સારાં ભોજન કરાવીને તેની સાથે મૂર્તિનો મહારસ સૌને જમાડ્યો હતો.

(૨) શ્રીજીમહારાજે દેવબાને કાળી તલાવડીના કાંઠે જે જગ્યાએ બાપાશ્રીના પ્રાકટ્યનો વર આપ્યો હતો તે ઠેકાણે બાપાશ્રીએ છત્રી કરાવી ચરણારવિંદ પધરાવવા, સં. ૧૯૭૧ના ફાગણ માસમાં મહામોટો યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞમાં અમદાવાદના બ્રહ્મચારી મુનીશ્વરાનંદજી અને મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજીના વક્તાપદે 'સત્સંગિજીવન'નું પારાયણ કરાવ્યું હતું. કચ્છ-ભૂજ તથા અમદાવાદ, મૂળી, વડતાલ, ગઢપુર ને જૂનાગઢથી સંતો તથા હરિભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. તે યજ્ઞમાં શ્રીજીમહારાજે મુક્તશ્રીની પ્રીતિને વશ થઈને ઘણાં ઐશ્વર્ય-પ્રતાપ બતાવ્યા હતા. શ્રીજીમહારાજ ને બાપાશ્રીએ એકીસાથે ઘણે ઠેકાણે દિવ્યરૂપે દર્શન આપ્યા હતા. ઘીના ડબ્બા ખાલી કરીને રાખ્યા હતા- તે બાપાશ્રીએ ફક્ત લાકડી અડાડી ઘીથી ભરી દીધા હતા ને તે ઘી યજ્ઞમાં વપરાયું હતું.

(૩) સંવત ૧૯૭૪ના અષાડ-શ્રાવણમાં બાપાશ્રીએ મનુષ્ય દેહ અદશ્ય કરવાના સંકલ્પથી ભારે મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે વખતે સદ્ગુરુઓ તથા હેતવાળા હરિભક્તોની

હેતભરી ગદ્ગદ પ્રાર્થનાથી રાજી થઈને પરમ કૃપાળુ બાપાશ્રીએ મંદવાડને રજા આપી અને વધુ દસ વર્ષ રહેવાનું વચન આપ્યું હતું. આ અપૂર્વ સંભારણાં નિમિત્તે છત્રીએ મોટો યજ્ઞ કર્યો હતો ને તેમાં શ્રીજીમહારાજના કચ્છ-વિચરણ પર રચાયેલ 'શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર'નું પારાયણ કરાવ્યું હતું. મૂળી-અમદાવાદના સંત હરિભક્તો તો મંદવાડના સમાચાર સાંભળી બાપાશ્રીનાં દર્શન કરવા પ્રથમથી જ આવ્યા હતા. કચ્છ-ભૂજના ને ફરતાં ગામડાંના સર્વે હરિભક્તને તેડાવ્યા હતા. તે યજ્ઞમાં સભામંડપ છત્રીના ચોકમાં રાખ્યો હતો ને છત્રીના પડખે ખેતરમાં પાકશાળા કરી હતી. કથાના વક્તા અમદાવાદના સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી હતા. બાપાશ્રીએ આ બ્રહ્મયજ્ઞમાં હેતવાળા સર્વે સંત-હરિભક્તોને શ્રીહરિની મૂર્તિના સુખમાં તરબોળ કરી દીધા હતા.

(૪) સં. ૧૯૭૮માં બાપાશ્રીએ છત્રીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી ત્યારે પણ મહાયજ્ઞનું આયોજન કરેલું. તે વખતે કચ્છ દેશના મોટા મોટા હરિભક્તોને તેડાવીને બાપાશ્રીએ વાત કરી જે, ''શ્રી સ્વામિનારાયણ ભગવાને અમને જીવોનો મોક્ષ કરવા મોકલ્યા છે ને અમને એમ કહ્યું છે જે, ''જેમ ઘણા જીવનો મોક્ષ થાય તેમ કરશો.'' તેથી આ યજ્ઞ કરવો છે. તેમાં સર્વે આવજો ને હજારો સંત-હરિભક્ત આવશે. તેમના સેવા-સમાગમનો લાભ લેજો. આ યજ્ઞની જે પ્રસાદી જમશે, સેવા કરશે તેનો શ્રીજીમહારાજ મોક્ષ કરશે, એમ અમે શ્રીજીમહારાજની સમક્ષ સંકલ્પ કર્યો છે. અમે અમારી નાતના કણબી નથી; કોઈના બાપ-દીકરા નથી; અમે તો

શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં લીન રહીએ છીએ ને તેમના સંકલ્પથી આવ્યા છીએ. અને જે વાતો તથા યજ્ઞ કરીએ છીએ તે કાંઈ મોટા થવા નથી કરતા, પણ શ્રીજીમહારાજનો સંકલ્પ છે, તેથી શ્રીજીમહારાજ આ મુક્ત દ્વારે કાર્ય કરે છે; અમે તો સદાય મૂર્તિમાં સુખ ભોગવીએ છીએ.''

આવાં દિવ્ય વચનો કહી, બાપાશ્રીએ મહાજ્ઞાનમય યજ્ઞ ચાલુ કર્યો. તે યજ્ઞમાં અમદાવાદના મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી ને ભૂજના પુરાણી સ્વામી શ્રી ઉત્તમપ્રિયદાસજી 'સત્સંગિજીવન'નું પારાયણ વાંચતા અને બાપાશ્રી તથા સંતો અહોનિશ કથાવાર્તારૂપી જ્ઞાનયજ્ઞ કરતા. તે યજ્ઞમાં છત્રીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી, ''આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે'' એવો આશીર્વાદ આપ્યો હતો, જે આજ દિન પર્યંત કાર્ય કર્યા કરે છે. વળી તે વખતે છત્રીની જાગીર અને કૂવાનું ભર્યું પણ કર્યું હતું. આવા એ યજ્ઞમાં જે આવ્યા તે સર્વે મોક્ષભાગી થઈ ગયા.

(૫) સં. ૧૯૮૨માં પણ અઠ્ઠોતેરના જેવો જ મોટો બ્રહ્મયજ્ઞ કર્યો હતો ને સંત-હરિભક્તોને ઘણાં જ સુખ આપ્યાં હતાં, ને ઘણા સંત-હરિભક્તને શ્રીજીમહારાજ ને બાપાશ્રીના દિવ્યરૂપે દર્શન થયા હતા. તે યજ્ઞમાં 'સત્સંગિજીવન'નું જ પારાયણ બેસાર્યું હતું અને કથાના વક્તા પણ સ. ગુ. મુનિસ્વામીશ્રી તથા પુરાણી ઉત્તમપ્રિયદાસજી જ હતા. એ દિવ્ય સંભારણા સત્સંગ કેમ વિસરી શકે?

(૬) સં. ૧૯૮૪ની સાલમાં બાપાશ્રીએ એમ સંકલ્પ કર્યો જે, ''હવે છેલ્લો યજ્ઞ કરીને તેમાં સર્વે સંત-હરિભક્તને તેડાવવા ને સર્વેને દર્શન-સમાગમનું સુખ આપી સર્વના

મનોરથ પૂરા કરવા ને પછી આ લોકમાંથી મનુષ્યસ્વરૂપે અદશ્ય થઈને દિવ્ય દેહે શ્રીજીમહારાજ ભેળા રહેવું.'' પછી મોટો કથાયજ્ઞ આરંભ્યો અને સર્વેને કહ્યું કે, 'આ અમારો છેલ્લો યજ્ઞ છે, તેમાં સર્વેને સમાગમનું અઢળક સુખ આપવું છે; પછી અમે અક્ષરધામમાં જઈને બેસશું.'- એમ કહીને પછી 'સત્સંગિજીવન'નું પારાયણ બેસાડ્યું હતું. તે યજ્ઞમાં પણ કથાના વક્તા મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી તથા પુરાણી ઉત્તમપ્રિયદાસજી જ હતા. આ યજ્ઞમાં દેશદેશાંતરથી સંત-હરિભક્તને તેડાવ્યા હતા ને દર્શન-સેવા-સમાગમનો લાભ આપીને સર્વના મનોરથ પૂરા કર્યા હતા.

આમ બાપાશ્રીએ શ્રીજીમહારાજના સંકલ્પથી જીવો પર કેવળ કૃપા કરી છ મોટા યજ્ઞ-પારાયણો કર્યા હતા. આ બધા જ બ્રહ્મયજ્ઞોની ફળશ્રુતિ એ હતી કે એ દરેક વખતે બાપાશ્રીએ કંઈક ને કંઈક નિમિત્ત કરીને લાભ લેનારા સૌને શ્રીજીમહારાજની મૂર્તિના સુખરૂપી આત્યંતિક કલ્યાણનો વર આપ્યો હતો. તેમાં પણ છત્રીએ ચરણારવિંદ પધરાવતી વખતે તો બાપાએ અનહદ કૃપા કરી વર આપ્યો કે, ''ફક્ત આ વખતે અહીં આવેલાનું જ નહિ પણ યાવત્ચંદ્રદિવાકરૌ- જે કોઈ પણ આ છત્રીએ આવી ભાવથી દર્શન કરશે કે તે ઉપરથી ઊડીને પક્ષી જશે તેનું પણ શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણ કરશે.'' આથી વિશેષ પારમાર્થિક આશીર્વાદ કયા હોઈ શકે? એ કોણ આપી શકે? બાપાશ્રી વારંવાર કહેતા કે ''આ સર્વે શ્રીજીમહારાજનો પ્રતાપ છે અને અમારા દ્વારે એ પોતે જ બધું કરે છે. અમારે તો મૂર્તિ સિવાય કાંઈ છે જ નહિ.''

આમ તેમની જીવનલીલા દરમિયાન બાપાશ્રીએ ઘણા

યજ્ઞો કર્યા, અનેક પારાયણો કરી તેમાં અનેક વાર સંત-હરિભક્તોને જમાડ્યા-રમાડ્યા; તે બધાયનો હેતુ માત્ર શ્રીહરિની મૂર્તિનું અખંડ સ્મરણ સૌને રહે ને શ્રીજીના દિવ્ય સુખને સૌ પામે તે હતું. બાપાશ્રીના યજ્ઞ-પારાયણો એટલે મૂર્તિના સુખની અલૌકિક લહાણી!

## ૧૦ કલ્યાણકારી વિચરણ

સર્વોપરી પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મહાસમર્થ સંતોએ ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છની ધરતીને પોતાના પાવનકારી ચરણકમળોના સ્પર્શથી ધન્ય કરી છે. શ્રીજીમહારાજે પોતાના સંતોને ગામોગામ ફરી જીવોનું કલ્યાણ કરવાનો આદેશ આપ્યો હતો. બાપાશ્રીએ પણ જાણે એ આજ્ઞાને માથે ચડાવી હોય તેમ શ્રીજીમહારાજની મૂર્તિના સુખની લહાણી કરવા અનેક સ્થળોએ વિચરણ કર્યું છે.

સંવત ૧૯૪૨માં બાપાશ્રી અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાના હેતુથી છસો માણસોનો સંઘ લઈ ગુજરાત-સૌરાષ્ટ્રની યાત્રાએ નીકળ્યા હતા. રસ્તામાં આવતા શ્રીજીમહારાજના દરેક પ્રસાદીભૂત સ્થાનોએ દર્શન કરતા. આવાં સ્થળોએ જો કોઈ પ્રસાદીરૂપ સ્મારક ન થયું હોય તો સ્થાનિક લોકોના સહકારથી તે માટે વ્યવસ્થા કરતા. અને ત્યાં થોડી વાર રોકાઈને શ્રીજીમહારાજના મહિમાની, તેમની મૂર્તિના સુખની વગેરે વાતો કરી આનંદ પમાડતા. ચાલતાં ચાલતાં પણ ધૂન-ભજન-કીર્તન તો અખંડ ચાલ્યા જ કરતા. વળી ક્યારેક અનેકના સમાસને અર્થે પ્રસંગોપાત ઐશ્વર્ય પ્રતાપ પણ બતાવતા. કાજરડા ગામની સીમમાં અવકાશમાં મોટા મોટા દેવો વિમાનમાં બેસીને, બાપાશ્રી તથા સંઘના દર્શન કરવા આવેલા. તે સમયે વાદળોથી સૂર્ય ઢંકાઈ ગયેલો ને બાપાશ્રીના સ્વરૂપમાંથી તેજ નીકળતું હોય તેવાં દર્શન હાજર રહેલા સૌ કોઈને થયેલાં.

શ્રીજીમહારાજની પ્રાગટ્ય ભૂમિ છપૈયા ધામના દર્શને

બાપાશ્રી બે વખત ગયેલા. પહેલી વાર સં. ૧૯૫૬માં ૬૦૦ માણસોના સંઘ સાથે અમદાવાદ, જયપુર થઈ છપૈયા ગયેલા અને બીજી વાર સં. ૧૯૭૨માં બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા વખતે મોટો સંઘ લઈને ગયેલા. બંને વખતે બાપાશ્રીએ અઢળક દિવ્યતા દેખાડી હતી.

કરાંચીવાસી હરિભક્તોનો પ્રેમ, તેમની તાણ, તેમનો મહિમા તો અજોડ હતો. તેઓએ તો ચાર વખત આગ્રહ કરી કરીને કરાંચી તેડાવી, બાપાશ્રીને પોતાને ત્યાં રાખી તેમની સેવા-પૂજા-સમાગમનો અલૌકિક લ્હાવો ધરાઈ ધરાઈને લીધો હતો. સં. ૧૯૬૭, ૧૯૭૨, ૧૯૭૯ અને છેલ્લે ૧૯૮૩માં બાપાશ્રી સંતોએ સહિત કરાંચી પધાર્યા હતા અને દિવ્ય સંભારણારૂપ લીલાઓ કરી બાઈ-ભાઈ સર્વે પર અઢળક ઢળ્યા હતા.

અમદાવાદ અને મૂળીએ સમૈયે બાપાશ્રી જ્યારે જ્યારે પધારતા ત્યારે ત્યારે તેમનો પ્રતાપ છાનો રહેતો નહિ. પોતે જ્યાં હોય ત્યાં તેમની આસપાસ સંત-હરિજનનો મોટો સમૂહ એકત્ર થઈ જાય. સભામાં પધારે ત્યારે સભા ભરી દેખાય. બાપાશ્રી પણ મૂર્તિના સુખની વાતોનો મીઠો મહેરામણ રેલાવી સૌને તેમાં રસતરબોળ કરી દેતા. અમદાવાદ સ. ગુ. સ્વામી શ્રી નિર્ગુણદાસજી અને મૂળી સ. ગુ. સ્વામી શ્રી હરિનારાયણદાસજીને લઈને બાપાશ્રીને અવારનવાર જવાનું થતું. વળી અમદાવાદ અને મૂળીના સંતો પણ બાપાશ્રીનો મહિમા ખૂબ જાણતા હોવાથી શક્ય તેટલો વધારે બાપાશ્રીના જોગ-સમાગમનો લાભ લેવો ચૂકતા નહિ. ગુજરાત-સૌરાષ્ટ્રનાં મોટાં ધામોઃ વડતાલ, ગઢડા, ધોલેરા,

ધોળકા, જેતલપુર, કારિયાણી, સારંગપુર, જૂનાગઢ આદિ તથા અન્ય સ્થળો જેવાં કેઃ મોરબી, વાંટાવદર, ગોંડળ, ઘાંટીલા, માલણિયાદ, લીલાપુર, ધ્રાંગધ્રા, હળવદ, પાટડી, વઢવાણ, લીંબડી, ભાવનગર, વિરમગામ, ઉપરદળ વગેરે ગામોમાં જ્યાં જ્યાં બાપાશ્રી વિચર્યા ત્યાં શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા અને અનાદિમુક્તની સ્થિતિના જ્ઞાનનો બહોળો ફેલાવો થયો છે, જે આજે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જોવા મળે છે.

આ બધાયથી વિશેષ લાભ તો કચ્છની ધરતીને મળ્યો છે. ભૂજ અને તેની આજુબાજુનાં ગામોમાં તો બાપાશ્રીને અન્નકૂટ, સમૈયા, કથા-પારાયણ પ્રસંગોએ તેમ જ તે સિવાય પણ કોઈ ને કોઈ નિમિત્તે અવારનવાર જવાનું થતું. આ ભાગ્યશાળી ગામોમાં રામપુર, સુખપુર, કુંભારિયા, દહીંસરા, ભારાસર, નારાયણપુર, કેરા, માનકૂવા, માધાપર, સિનોગ્રા, અંજાર, સૂરજપુર, સામત્રા, દેવળીઆ, ધમડકા, ગોડપુર વગેરે વગેરે હતાં. તેમાં પણ રામપુરના ગંગાજી અને કેરાનો ધરો- એ બે જળાશયોનો મહિમા તો બાપાશ્રીએ અસંખ્ય લીલાઓ કરી અનેક ગણો વધારી દીધો છે.

બાપાશ્રીએ આમ અનેક સ્થળોએ દિવ્ય વિચરણ કરી અસંખ્ય મુમુક્ષુજનોને શ્રીજીમહારાજની મૂર્તિનો સંબંધ કરાવી ન્યાલ કરી દીધા, એટલું જ નહિ તે સર્વે સ્થળોને પણ કારણ સત્સંગથી ગુંજતા નૈમિષારણ્યક્ષેત્રસમ બનાવી દીધા છે.

# ૧૧ દિવ્ય પ્રભાવ અને અદ્‌ભુત સામર્થ્ય

ભગવાન જ્યારે મનુષ્ય દેહ ધારણ કરી પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે પોતાના દિવ્ય પાર્ષદ, ઐશ્વર્ય, સામર્થ્ય સહિત જ પધારે છે. મનુષ્યો જોગ-સમાગમ કરી શકે તે માટે મનુષ્ય જેવા દેખાય પણ વિભૂતિ માત્ર સાથે જ હોય. તેવી જ રીતે, જેમને શ્રીજીમહારાજે સ્વયં રૂપ, ગુણ ને ઐશ્વર્યે કરીને પોતાના જેવા કહ્યા છે એવા અનાદિમુક્તો પણ તેમના અગાધ ઐશ્વર્ય-સામર્થ્યે સહિત જ પ્રગટ થતા હોય છે. એવું ઐશ્વર્ય-સામર્થ્ય હોવા છતાં તે ઢાંકીને વર્તવું એ જ મોટું ઐશ્વર્ય છે. સમર્થ થકા જરણા કરી ક્ષુદ્ર જીવનાં અપમાન સહન કરી, તેમને સન્માર્ગે વાળવા એ જ તેમનું ખરું સામર્થ્ય છે.

શ્રીજીમહારાજ અને સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની

જેમ બાપાશ્રીએ પણ અનેકનાં કેવળ કલ્યાણ અર્થે ઐશ્વર્ય પ્રતાપ જણાવ્યો હતો. જેમ કે, એક સ્થળે રહ્યા થકા બીજે સ્થળે દર્શન દેવાં, હેતવાળા ભક્તજનોને અંત વખતે શ્રીજીમહારાજ ભેળાં દર્શન દઈ ધામમાં તેડી જવા, કોઈને વાયદો દેવો કે આ સમયે તમને તેડી જઈશું, કોઈને આયુષ્ય થઈ રહી હોવા છતાં દેહમાં રાખવા અને કોઈને આયુષ્ય હોવા છતાં દેહ છોડાવી સુખમાં લઈ જવા, યજ્ઞ-સમૈયાઓ વખતે સીધું-સામાન કે રસોઈ ખૂટવા ન દેવી તેમ જ પારાયણ ચાલતી હોય તે વખતે જો વરસાદ આવે તો જે ગામમાં પારાયણ હોય તે ગામની ફરતો વરસાદને વરસવા દે પણ તે ગામમાં વરસવા ન દેતા. અસદ્‌ગતિ પામેલા અસંખ્ય જીવોને પળવારમાં માયાના બંધન થકી છોડાવી તેમનું આત્યંતિક કલ્યાણ કરતા.

**દૃષ્ટાંતઃ** કાળી તલાવડીના કાંઠે છત્રી કરાવી તે પહેલાં ત્યાં આજુબાજુમાં ઘણાં ભૂત રહેતાં હતાં. તે સર્વેનો મોક્ષ કરવાનો સંકલ્પ કરીને બાપાશ્રીએ અધમણ ગોળ-સાકર મૂઠીઓ ભરી ભરીને હવામાં ફેંકી તે સર્વે ભૂતોએ ભેગા થઈને બધી જ પ્રસાદી અધ્ધરથી ઝીલી લીધી પણ એકેય કણી નીચે પડવા પામી નહિ; ને તે સર્વે ભૂતનો કેવળ કૃપાએ કરીને મોક્ષ કર્યો.

એક વખત ચોમાસામાં પોતે વાડીએથી ઘેર આવતા હતા. ત્યાં બહુ જ વૃષ્ટિ થઈ, તે સમયે પોતે એક વૃક્ષની ઓથે વરસાદ બંધ રહ્યા પછી પણ ઘણી વાર ઊભા રહ્યા. પછી ત્યાંથી ચાલીને ઘેર આવતા માર્ગમાં કોઈએ પૂછ્યું જે, ''તમે એ ઝાડ પાસે શું કરતા હતા?'' ત્યારે પોતે એમ બોલ્યા જે, ''અમે તો કલ્યાણ કરવા આવ્યા છીએ, તે બીજું શું કરીએ? વરસાદ બહુ વરસતો હતો અને એ ઝાડે અમને પલળવા ન દીધા, તેથી એનું કલ્યાણ તો કરવું જ પડે ને?''

બાપાશ્રીના અંતર્યામીપણાનો અનુભવ અમદાવાદ દેશના ધ. ધુ. પ. પૂ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજને પણ થયેલો. સં. ૧૯૫૩ની સાલમાં આ આચાર્યશ્રી કચ્છ પધારેલા. સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીના કહેવાથી મહારાજશ્રી બાપાશ્રીનો મહિમા જાણતા. તેથી તેમણે શ્રીહરિ જયંતીનો સમૈયો ભૂજ કરવો કે અમદાવાદ કરવો એમ પૂછ્યું ત્યારે બાપાશ્રીએ પોતાનું અંતર્યામીપણું જણાવતા મહારાજશ્રીને કહેલું જે, ''સમૈયો તો અમદાવાદ કરજો, પણ તમે જ્યારે અહીંથી નીકળી ધ્રાંગધ્રા પહોંચશો

ત્યારે અમદાવાદમાં પ્લેગનો રોગ ચાલે છે, તેથી સમૈયો સરકારે બંધ કરાવ્યો છે એવો કાગળ તમારા પર આવશે. અને ધ્રાંગધ્રામાં રાજ્ય તરફથી બે મહિના રોકાવાનો આગ્રહ થશે. તે વખતે તમારી સાથેના સંતો પણ તમને ધ્રાંગધ્રા રોકાઈ જવાનું કહેશે. પણ તમે તેમની વાત ન માનતા સમૈયા પહેલા અમદાવાદ નજીક પહોંચી જજો ને ત્યાં તમને સરકાર તરફથી સમૈયાની છૂટી થઈ ગઈ છે, એવો બીજો કાગળ આવશે તેથી તમે અમદાવાદ જજો. રોગની (પ્લેગની) કાંઈ મૂંઝવણ ન રાખજો ને સમૈયામાં કોઈને કાંઈ નહિ થાય.'' પછી મહારાજશ્રી ત્યાંથી ચાલ્યા તે બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે જ અક્ષરશઃ બન્યું. તેથી સમૈયા પછી તેમણે એ મુજબનો પત્ર પણ બાપાશ્રી પર લખાવ્યો હતો.

બાપાશ્રીના દિવ્ય પ્રભાવ ને સામર્થ્યનો ખરો ચમત્કાર ક્યો? તો તેમના આશીર્વાદથી આત્મામાં મહારાજની સુખરૂપ મૂર્તિ દેખાય, હૃદયમાંથી અપૂર્ણપણું મટી જાય ને ભગવાન મળ્યાની દિવ્ય ખુમારી આવે, તેમને સંભારતાં દુઃખી હોય તેમની પીડાનું શમન થાય; માત્ર પોતાનો દેહ છોડતી વખતે જ નહિ, પરંતુ જીવનમાં જ્યારે જ્યારે મુશ્કેલીઓ જણાય ત્યારે ત્યારે શ્રીહરિની મનોહર મૂર્તિ અને બાપાશ્રીના દર્શન થાય, એ જ મોટો ચમત્કાર. બાપાશ્રીના સંબંધમાં આવનાર હરિભક્તોને કોઈ અદ્‌ભુત પ્રકારનો ચમત્કાર જણાતો કે જાણે તેઓ અનાદિમુક્ત બની ગયા હોય અને છતે દેહે જ શ્રીહરિની મૂર્તિમાં રમી રહ્યા હોય તેવો તેમને સાક્ષાત્ અનુભવ થતો.

આમ બાપાશ્રીના ઐશ્વર્ય-પ્રતાપની કોઈ સીમા ન હતી.

એ તો જેણે જાણ્યા તેણે માણ્યા. જેણે બાપાશ્રીને ઓળખ્યા, તેમનાં દર્શન કર્યાં, તેમને સેવ્યા તેનું કામ થઈ ગયું. આવો સમય કાંઈ વારંવાર આવે નહિ. બાપાશ્રી જેવા અનાદિમુક્ત તો જવલ્લે જ મળે.

## ૧૨ સેવા-સુધારણાનો નિરાળો અભિગમ

એક વાર કોઈકે બાપાશ્રીને કહ્યું જે, તમે ધર્માદો તથા બીજી સેવા સત્સંગમાં જ કરવાનું કહો છો તે સત્સંગ તો સમુદ્ર જેવો, એમાં તો ઘણા ય રૂપિયા હોય તે સમુદ્રમાં તો વરસાદ થાય તો ય શું ને ન થાય તો ય શું? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, સમુદ્રમાં વરસાદ થાય તે વરસાદનાં ટીપાં છીપ અદ્ધરથી ઝીલે અને તેમાંથી અતિ કિંમતી સાચાં મોતી થાય. તેમ સત્સંગમાં વાપરવાથી આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય. તેથી પોતાનું ધન તે સત્સંગમાં વાપરવું પણ પ્રતિષ્ઠા કે બીજા લાભના લોભે બીજે જ્યાં ત્યાં વાપરવું નહિ. સત્સંગ એટલે સત્યસ્વરૂપ મહારાજ ને સત્યસ્વરૂપ મુક્તોના સંબંધ (સંગ)વાળો, પંચવર્તમાને યુક્ત ત્યાગી-ગૃહી સમુદાય. જીવોને સર્વોપરી મહાપ્રભુ ઓળખાવી, એમનું અવરભાવ-પરભાવની દૃષ્ટિએ રૂડું થાય એવી શુભ સર્વવ્યાપી પ્રવૃત્તિ કરવી-કરાવવી એ પણ સત્સંગ સેવા. આમ સત્સંગમાં સેવા કરવાનો મહિમા સમજાવી પોતે પણ સેવા કરતા અને પોતાના ઉદાહરણે બીજાને પણ સેવા કરવા પ્રેરતા. ધ. ધૂ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના યજ્ઞોપવિત સંસ્કાર વખતે તથા તેમને ગાદીએ બેસાડ્યા તે વખતે, છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજ પધરાવ્યા તે સમયે ઈત્યાદિ અનેક પ્રસંગોએ બાપાશ્રીએ ગણનાપાત્ર સેવા કરી છે અને એ રીતે બીજા હરિભક્તોને પ્રેરણા કરી ઘણી મોટી સેવાઓ કરાવી છે.

સેવાની સાથે સાથે સત્સંગ તેમ જ જ્ઞાતિમાં આંતર-બાહ્ય શુદ્ધતાનું ધોરણ કેમ સુધરે તેની બાપાશ્રી સતત ચિવટ રાખતા.

ત્યાગી-ગૃહી સૌને ધર્મ-નિયમમાં વર્તાવવાનું તેમને અજબ તાન હતું. કોઈ ધર્મભંગની વાત કરે એ તેમનાથી જરા પણ સહી શકાતું નહિ. બાપાશ્રીનો સહજ સ્વભાવ અતિ દયાળુ અને ઉદાર હતો, પણ કોઈ ધર્મભંગ કરી તેને ઢાંકવાનો આડંબર કરે તે બાપાશ્રી કેવી રીતે ચલાવે? જ્ઞાતિ અને સત્સંગરૂપ ગંગામાં ધર્મ, નીતિ અને ભક્તિનો નિર્મળ પ્રવાહ નિરંતર વહ્યા કરે એવો ખટકો બાપાશ્રીને અખંડ રહ્યા કરતો. કોઈ ધર્મલોપ કરે કે સહેજપણ આડું અવળું વર્તન કરે તો કોઈની ય મહોબત કે શેહશરમ રાખ્યા વગર તેને તેના જીવના હિત ખાતર પ્રાયશ્ચિત્ત કરવાનું કહેતા ને કરાવતા. કાણાને મીઠી ભાષામાં પણ તેના કાણાપણાનું ભાન કરાવતા. બાપાશ્રીની આવી વૃત્તિને લીધે ભગવદીય, ધર્મપરાયણ જનોને બાપાશ્રી કરુણામૂર્તિ જણાતા, પરંતુ અધર્માચરણી અને સુધરવા ન ઇચ્છતા મનુષ્યોને તો બાપાશ્રી કાળ જેવા લાગતા. વળી આવા મનુષ્યો પર પણ દયાદૃષ્ટિ રાખી, તેમને તેમની ખોટ ટાળી શુદ્ધ કરવાના ઉપાય યોજતા. સત્સંગમાં સ્ત્રી-ધનના ત્યાગમાં જે ત્રુટિઓ હતી તે પણ બાપાશ્રીના ખ્યાલ બહાર ન હતી. આથી તેમણે એ વાતની કાળજી રાખી પ્રથમ તો જે પોતાના હેતવાળો સંત-સમુદાય હતો તેમાં જ જડ-ચૈતન્ય માયાનો અંશમાત્ર રહેવા દીધો નહોતો, અને એક આદર્શ ઉદાહરણરૂપ સંતમંડળ તૈયાર કર્યું, જેમણે ધર્મ નિયમે યુક્ત ભગવદ્ પરાયણ સત્સંગ સમાજનું સર્જન કર્યું. બીજી બાજુ ધ. ધૂ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના વખતમાં જ્યારે દેવ દ્રવ્યનો દુર્વ્યય થવા લાગ્યો ને દેવ દ્રવ્ય પોતાનું કરવાનું મહારાજશ્રીનું વર્તન આગેવાન સંત-

હરિભક્તોને રુચ્યું નહિ ત્યારે દેવ દ્રવ્યની રક્ષા કાજે સત્સંગ મહાસભાની સ્થાપના કરવામાં બાપાશ્રીએ અમૂલ્ય ફાળો ને આધ્યાત્મિક બળ પ્રેર્યા હતા. આ બાબતે ન છૂટકે જ્યારે કોર્ટમાં કેસ મુકાયો ત્યારે પણ બાપાશ્રીએ આર્થિક સહાય અપાવી મહાસભાને બળવત્તર બનાવી હતી. આમ જુઓ તો બાપાશ્રી સત્સંગ સુધારણા અર્થે રચાયેલ મહાસભાના આત્મારૂપ હતા. તેથી જ તો આ મહાસભા દ્વારા દેવ દ્રવ્યની રક્ષા થઈ શકી હતી. આચાર્ય, સંત, હરિજનો સૌ દેવને દિવ્ય જાણી, તેમની સેવા ભાવે સહિત કરે, ઉજ્જવળ સત્સંગને ડાઘ લાગે તેવું કાંઈ પણ આચરણ કોઈ ન કરે, દેવ-સત્સંગનું મમત્વ રાખી સૌ હળીમળી તેનો સેવા-વ્યવહાર ચલાવે અને કોઈ પણ ધ. ધૂ. આચાર્યશ્રી, સંત કે હરિજન દેવ-સત્સંગને જરા પણ ઘસારો આવે એવી ક્રિયા ન કરે- એવો બાપાશ્રીનો હંમેશનો ઉપદેશ અને અંતરની ભાવના રહેતા.

બાપાશ્રી જે કાંઈ ઉપદેશતા તે પોતાના આચરણ દ્વારા પણ શીખવતા. પોતે સાવ સાદું ને સાધુ જેવું જીવન વ્યતીત કરતા. જમવામાં પણ સાવ સાદાઈ અને રહેણી-કરણીમાં પણ સાદાઈ; સાદાઈના પર્યાય જેવા જીવન દ્વારા સંત-હરિભક્તોને પ્રેરણા આપતા. પોતે શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તતા અને બીજાને તે પ્રમાણે વર્તાવતા. પોતે સ્વયં આચરણમાં મૂકી, બીજાને તે પ્રમાણે કરવા પ્રેરણા ને ઉપદેશ આપવા એ જ બાપાશ્રીનો સેવા-સુધારણાનો નિરાળો અભિગમ હતો.

## ૧૩ અધ્યાત્મ સાહિત્યમાં અનેરું પ્રદાન

સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનું સર્વગ્રાહી તત્ત્વજ્ઞાન સંત-હરિભક્તોને વાતોના પ્રસંગમાં જ્યાં જ્યાં, જે જે વખતે કહેલું તે બધાનો સંગ્રહ થયેલો. તે સંગ્રહને મહાસમર્થ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી એમ પાંચ સદ્‌ગુરુઓએ એકત્ર કરી, તેનું સંશોધન કરીને શ્રીજીમહારાજ પાસે પ્રમાણિત કરાવી 'વચનામૃત' નામે ગ્રંથ તૈયાર કર્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,

''સાક્ષાત્ પુરુષોત્તમ એવો જે હું તે વચનામૃતરૂપે સદા પ્રત્યક્ષ છું અને જેઓ વચનામૃતનું રહસ્યજ્ઞાન સત્પુરુષ થકી સમજશે તે અમારી મૂર્તિના સુખભોક્તા થશે.''

આ ગ્રંથમાં શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપનું જ્ઞાન, સર્વોપરી ઉપાસના, મહિમા, મુક્તોની સ્થિતિના ભેદ, તે સ્થિતિ પામવાના ઉપાય વગેરે તત્ત્વજ્ઞાનના અનેકવિધ ગહન વિષયો વિશે, શિક્ષિત-અશિક્ષિત, ઓછા ભણેલા સૌ કોઈ સમજી શકે એવી સરળ ને સાદી ભાષામાં પ્રશ્નોત્તર કર્યા ને તેમના સમર્થ સંતો દ્વારા કરાવ્યા તેનું સર્વદેશી નિરૂપણ રજૂ થયેલ છે. એમાં સાધનદશાવાળા ભક્તજનથી માંડીને સિદ્ધદશાને પામેલા મુક્ત પુરુષો સર્વને લક્ષમાં રાખી, આત્યંતિક મોક્ષકારી તમામ પાસાંઓને આવરી લેવામાં આવ્યાં છે. તે સર્વે સાદી, સરળ ભાષામાં હોવા છતાં તેમાંથી જ્યાં જેવો અર્થ સમજવો જોઈએ તેવો અર્થ સમજીને શ્રીજીમહારાજનો હૃદગત અભિપ્રાય જાણવો અતિ કઠિન છે.

કેમ જે, જે સદ્‌ગુરુઓએ વચનામૃત શોધ્યા તે સદ્‌ગુરુઓને પણ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતનાં ગહન રહસ્યોને સમજાવ્યાં ત્યારે જ તેમને યથાર્થ સ્વરૂપમાં વચનામૃત સમજાયાં હતાં, પરંતુ શી ખબર કેમ? સંજોગોવશાત્ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ આપેલ વચનામૃતનાં ગૂઢ રહસ્યોની સમજૂતીની કોઈ નોંધ, ટિપ્પણી કે ભાષ્ય લેખિત સ્વરૂપે થયેલ હોય એવું જણાતું નથી. સર્વોપરી વેદઃ શ્રીમુખવાણી વચનામૃતના જ્ઞાનગાંભીર્યને પ્રમાણભૂત રીતે સ્પષ્ટ કરવાનું કાર્ય સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા અલૌકિક સત્પુરુષ જ કરી શકે. આવા સત્પુરુષ હંમેશાં પ્રાપ્ય હોવા દુર્લભ છે. તેથી સર્વકાળને વિષે સમગ્ર સત્સંગ તથા વિશ્વના પ્રત્યેક મનુષ્યને વચનામૃત જેવા સર્વજીવહિતાવહ તત્ત્વજ્ઞાનવાળા ગ્રંથને વાસ્તવિક સ્વરૂપમાં યથાર્થપણે સમજવાનું શક્ય બને એ હેતુથી શ્રીજીમહારાજે પોતાના સંકલ્પથી પ્રગટ થયેલ અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી દ્વારા 'વચનામૃત'માં સમાયેલ ગૂઢ તત્ત્વજ્ઞાનનું સ્પષ્ટીકરણ મૂળ સાથે સુસંગત રાખી, એટલે કે કેવળ અન્ય વચનામૃતોનો જ આધાર લઈને પ્રશ્નોત્તરરૂપે રજૂ કરતી પ્રમાણભૂત 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'ની રચના કરાવી છે.

વચનામૃત ગ્રંથ પર આવી રીતે વિવેચન કરવાનું કારણ સમજાવતા બાપાશ્રી કહે છે કે, 'વચનામૃત' તો અક્ષરાતીત મુક્તના સ્વામી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના મુખકમળની વાણી છે- સર્વ સમાસાર્થે તે પરોક્ષાર્થ ને પ્રત્યક્ષાર્થ એમ દ્વિઅર્થી છે ને તેનો રહસ્યાર્થ સમજવો અતિ ગહન અને કઠિનમાં કઠિન છે. તેથી પોતાની મેળે તે રહસ્યાર્થ

સમજવામાં આવે નહિ. એ તો અખંડ મૂર્તિમાં રહેતા હોય ને શ્રીજીમહારાજની મરજી જાણતા હોય એવા અનાદિમુક્ત સમજાવે ત્યારે સમજાય, માટે સર્વેને સમજાય તે સારુ વચનામૃતની ટીકા શ્રીહરિના સંકલ્પથી અમે કરી છે ને સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે લખાવી છે. આ ટીકા પ્રમાણે વચનામૃતમાંથી શ્રીજીમહારાજનો મહિમા સમજશે તે શ્રીજીમહારાજને પામશે, અર્થાત્ તે સર્વેને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિમાં રાખશે ને મૂર્તિમાં રહેવું તે જ આત્યંતિક મોક્ષ છે. આ ગ્રંથનો વિશેષ મહિમા જણાવતા બાપાશ્રી કહે છે કે, ‘‘જે કોઈ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિતના ‘વચનામૃત’ ગ્રંથનું નિત્ય પારાયણ કરનારને શ્રીજીમહારાજ અક્ષરધામમાં તેડી જશે.’’

વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ઉપરાંત બાપાશ્રીએ વખતોવખત સંત-હરિભક્તોને જે જ્ઞાનબોધ આપ્યો હતો તેનો પણ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ સંગ્રહ કરીને તેને ‘બાપાશ્રીની વાતો’ નામથી બે ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે. એ બંને ભાગોમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેવાની વાતોરૂપી અમૃતરસ છલકાય છે. બાપાશ્રીની આ વાતોમાં એવું તો મૂર્તિરસનું શીતળ જ્ઞાનજળ ભરેલું છે કે એ વાંચતાં જ જીવમાં શાંતિ શાંતિ થઈ જાય છે.

આ બંને ગ્રંથો દ્વારા બાપાશ્રીએ જે અધ્યાત્મ જ્ઞાનનો પ્રવાહ વહેવડાવ્યો છે તેનો મુખ્ય સારઃ-

અનંતકોટી રામ, કૃષ્ણ, વાસુદેવબ્રહ્મ ને મૂળઅક્ષર એ સર્વેના કર્તા, આધાર, નિયંતા ને કારણ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. રામકૃષ્ણાદિક સર્વે અવતારો છે

ને શ્રીજીમહારાજ એ સર્વે અવતારના અવતારી પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા છે અને એ સર્વેમાં અન્વય સ્વરૂપે એટલે કે અંતર્યામીપણે પોતાના તેજરૂપે રહીને ઉત્પત્યાદિક સર્વે કાર્ય કરાવે છે અને વ્યતિરેક સ્વરૂપે તો પોતે એક માત્ર કાર્ય પોતાના મુક્તોને પોતાની મૂર્તિનું સુખ આપવું એ જ કરે છે. કેવળ એ એક જ મૂર્તિ સુખરૂપ છે. એ મૂર્તિ સિવાય બધું જ દુઃખરૂપ છે. એ મૂર્તિ અધોઉર્ધ્વ તેજના મધ્યમાં રહી છે. એ મૂર્તિમાં અપાર, અલૌકિક, અનહદ સુખ છે. એ મૂર્તિમાંથી તરેહ તરેહની ખુશબો આવે છે; એ મૂર્તિમાંથી તરેહ તરેહનાં નવા નવા સુખ આવે છે. અનંત અનાદિમુક્તો એ મૂર્તિમાં દિવ્ય સાકાર સ્વરૂપે રસબસ રહી સુખ લીધા જ કરે છે ને કોટી કલ્પ વીતી જાય તો પણ એ સુખથી તૃપ્ત થતા નથી. શ્રીજીમહારાજ અનંત જીવોને પોતાના સુખને પમાડવા અનાદિમુક્તને સત્સંગમાં પ્રગટ કરે છે. અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિનો રસ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે, તેથી નાના-મોટા સહુ સત્સંગી જનો એ દિવ્ય મૂર્તિના સુખે સુખિયા બને છે.

ભગવાન જેવા છે તેવા જ દિવ્ય દર્શન દે તો કોઈ જીવ તેમના દર્શન કરવા સમર્થ થાય નહિ. તેથી જ શ્રીજીમહારાજે પૃથ્વી પર મનુષ્યરૂપે દર્શન આપ્યા ત્યારે તેજ-પ્રતાપ-ઐશ્વર્ય ઢાંકીને વર્ત્યા. તેમના મુક્ત પણ તેવા જ દિવ્ય તેજોમય છે, પણ જીવના સમાસ અર્થે મનુષ્ય જેવા થઈ સહુને મૂર્તિનું સુખ આપે છે. અનાદિમુક્ત તો મૂર્તિના સુખમાં ગુલતાન થકા બોલે છે, ચાલે છે, ઐશ્વર્ય દેખાડે છે- એ સર્વે ક્રિયા કરતા દેખાય છે, પણ તે ક્રિયાઓ બધી મહારાજની ઇચ્છાથી થાય છે એમ

સમજવું. એમના વિષે સદાય દિવ્યભાવ રાખવો. મહારાજ ને મુક્ત તો દિવ્ય છે. તેમને દેહ શું? અને દેહનું દુઃખ પણ શું?

દેહ તો પાંચ દિવસ સારો રહે ને પાંચ દિવસ સારો ન રહે; પણ ભક્તે હિંમત હારવી જોઈએ નહિ. શ્રીજીમહારાજે આપણને જેમ રાખવા હોય તેમ રાખે. દેહના દુઃખ કરતાં ય મહારાજ વિના બીજો સંકલ્પ થાય, એ જ સહુથી મોટું દુઃખ છે. દુઃખના મોકલનારા ને મટાડનારા પણ મહારાજ જ છે. એ તો બહુ જ દયાળુ છે ને આપણું શૂળીનું દુઃખ કાંટે કાઢે છે.

વર્તમાન ધરાવે તે સમયે મોટા મુક્ત જીવના અનંત જન્મનાં કર્મ શ્રીજીમહારાજને ચરણે મુકાવે છે. ત્યાર પછી અજાણતામાં કે દેશકાળના વિષમપણાથી દેહે કરી આજ્ઞામાં ફેર પડે કે વર્તમાનનો ભંગ થઈ જાય તો સંતોને પૂછી તેનું પ્રાયશ્ચિત્ત કરી નાખવું. ભગવાનના કોઈ ભક્ત કે મુક્ત દુભાયા હોય એવું કાંઈ થઈ ગયું હોય તો દીન આધીન થઈ એકાંતે તેમની માફી માગી લેવી. અનાદિમુક્ત સાથે જો મન, કર્મ, વચને બાહ્ય તેમ જ અંતરવૃત્તિએ જીવ જોડી જોગ કરીએ તો આપણને પણ મહાપ્રભુનો સાક્ષાત્કાર તેમના જેવો જ થાય. મુક્ત તો મહારાજની આજ્ઞા અણિશુદ્ધ પાળે છે તેમ આપણે પણ મહારાજના વચનમાં ખબરદાર રહી વર્તવું, તો પાત્ર થવાય. શુદ્ધ પાત્ર થાય તેમાં જ મૂર્તિનું સુખ રહે, જેમ સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહે છે તેમ.

મહારાજ ને મોટા મુક્ત તો કેવળ જીવ પરની દયાથી જ અહીં દેખાય છે. તેમનો મહિમા સમજી આપણે તેમના જેવા થવા ઇચ્છવું; પણ ઉતરતા જેવા કે આ લોકના શેઠિયા જેવા થવા ન ઇચ્છવું. મોંઘામાં મોંઘા મહારાજ ને મોટા મુક્ત છે.

તે આપણને મળ્યા છે, પણ મહિમા સમજાયા વિના જીવનું રાંકપણું ટળતું નથી. હીરાની કિંમત તો તેના પારખુ ઝવેરીને જ હોય, તેમ મહારાજ ને મોટાને ઓળખવા તે પણ પારખુ જ્ઞાની મુક્તનું જ કામ છે. એક વાર મહારાજ ને મોટા ઓળખાયા પછી એમ જાણવું જે મારું કલ્યાણ તો થઈ જ રહ્યું છે અને તેમના યોગ-સમાગમ થકી પાત્ર થઈ મૂર્તિના સુખને પામવું. દીવાથી દીવો પ્રગટે- એ ન્યાયે મુક્ત હોય તે જ બીજાને મુક્ત કરી શકે છે. મુક્તમાં શ્રીજીમહારાજ અખંડ પ્રકટપણે રહે છે. તે જીવોને ધર્મ, ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યનો ઉપદેશ આપી, ક્રમે ક્રમે ધ્યાન-સ્મરણ દ્વારા મૂર્તિમાં રહેવાની લટક શીખવે છે. તે લટક તે શું? તો મૂર્તિ સિવાય બીજું સર્વે નાશવંત જાણી એક શ્રીજીમહારાજની મૂર્તિને જ વળગી પડવું ને ધ્યાન કરી નખશિખ એ મૂર્તિ સિદ્ધ કરવી- સૂતાં, બેઠાં, ખાતાં, પીતાં સર્વે ક્રિયામાં ધ્યાન કરવું એટલે કે મૂર્તિનું અનુસંધાન રાખવું.

તે ધ્યાન કેમ કરવું તો અધોઉર્ધ્વ તેજના સમૂહને પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે શ્રીજીમહારાજની કોઈ પણ બે ચક્ષુવાળી મૂર્તિ ધારવી. તે મૂર્તિના તેજરૂપ થઈને ધ્યાન કરવું. તેથી પણ પ્રતિલોમ વૃત્તિએ મૂર્તિમાં રહીને (મૂર્તિરૂપ થઈને) મૂર્તિનું ધ્યાન કરવું તે શ્રેષ્ઠ છે. તે ધ્યાન કરતાં મૂર્તિનું એકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું; જ્યારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી, જીવસત્તાએ જોવાય છે એમ જાણવું.

શ્રીજીમહારાજના અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ કરી

આજ્ઞા યથાર્થ પાળી, નિર્વાસનિક થઈને મૂર્તિનું અખંડ ચિંતવન કરે તો એકાંતિક ભક્ત બને; પછી ધ્યાને કરીને જ્યારે પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજની તેજોમય મૂર્તિનાં દર્શન થાય ત્યારે પરમ એકાંતિક મુક્ત થાય. પછી તેને મહારાજનું અનુભવજ્ઞાન મૂર્તિમાં ખેંચી લે છે. એટલે જેમ સમુદ્રની વેળ આવે છે એમ ઝળળ ઝળળ કરતું મહાતેજોમય સુખ તેના હિલોળામાં પરમ એકાંતિકને લઈ જાય છે. એ સુખમાં પહોંચ્યા પછી દિવ્ય સનાતન એવું સુખ મહારાજ તેને અનાદિમુક્ત ભેળા ભોગવાવે છે. આમ પાત્ર થતાં મોટા મુક્ત જીવને અનાદિમુક્તની સ્થિતિને પમાડે છે. આ સ્થિતિમાં જીવ મૂર્તિમય-મૂર્તિરૂપ થઈ જાય છે. એટલે કે મૂર્તિમાં સળંગ રસબસ લીન થઈ જાય છે. પછી તે મુક્તમાં મહારાજ જ હાલે-ચાલે છે તથા બોલે-કરે છે અને મૂર્તિ સિવાય તે મુક્તનું અલગ અસ્તિત્વ જ રહેતું નથી. આવી રસબસ સ્થિતિ મોટા મુક્તની કૃપા અને પરમાત્મા શ્રીહરિની ઉપાસનાથી જ પ્રાપ્ત થાય છે.

જ્યાં સુધી મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિમાં જોડાયો નથી ત્યાં સુધી બીજે હેત થઈ જાય છે ને ખોટા ઘાટ પણ થઈ જાય છે. માટે બીતા રહેવું જે, જો મહારાજ વિના અન્ય વાસના રહેશે કે ખોટા ઘાટ થશે તો જન્મ ધરવો પડશે. કેમ જે, મૂર્તિનું ધ્યાન કરતા હોય તેમાંથી તેને વાસના બહાર લાવે છે, માટે પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાનો આગ્રહ રાખે તો વાસના કુંઠિત થાય. જ્યારે મૂર્તિ આત્માને વિષે દેખે ત્યારે વાસના મૂળમાંથી બળી જાય. મોટાના શબ્દ શ્રદ્ધા-વિશ્વાસથી ઝીલે (માનીને તેનો અમલ કરે) તો પુરુષોત્તમરૂપ થવાય.

મૂર્તિના સુખ આગળ કોઈ સુખ ગણતરીમાં નથી. માટે બીજું બધું પડ્યું મૂકીને અનાદિમુક્તના ઠરાવે ઠરાવ કરી દેવા તો અનાદિમુક્ત રાજી થઈ મૂર્તિનું સુખ હડેડાટ અપાવે છે, પણ તે વિના તો કોટી સાધને કરીને પણ શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પમાતું નથી. મહારાજ ને મુક્ત પ્રકટ મળે ત્યારે તેમના દર્શન અને સેવા સમાગમનું સુખ લેવું. તેથી જે સમજવાનું અને કરવાનું છે તે સહેજે થઈ જાય. કોઈ સમયે કદાચ અનાદિમુક્ત મનુષ્ય દેહે પ્રાપ્ય ન થાય ત્યારે પણ તેઓ પ્રત્યક્ષ-પ્રગટ છે એમ જાણી અંતવૃત્તિએ ધ્યાનમાં સાથે લે ને તેમના ચીંધ્યા માર્ગે શ્રીજીમહારાજની મૂર્તિનો અભ્યાસ કરે તો મહારાજ ને મુક્ત ભેળા ભળી અનાદિમુક્તની સ્થિતિ કરાવી દે છે.

આમ શ્રીહરિનું આવું સર્વોપરી અધ્યાત્મજ્ઞાન બાપાશ્રીએ સ્પષ્ટ સરળ ભાષામાં વિસ્તારીને સમજાવ્યું છે. આ જ્ઞાનબોધ આપણે આપણા જીવનમાં ઉતારી અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરીએ અને શ્રીહરિજીની મૂર્તિના સુખભોક્તા થઈએ એ જ બાપાશ્રીએ કરેલા દાખડાની સાર્થકતા છે.

સાહિત્ય ક્ષેત્રે ઘણા મોટા મોટા સાહિત્યકારો થઈ ગયા અને તેઓએ ઘણું ઉચ્ચ કક્ષાનું સાહિત્ય આપણને પીરસ્યું છે, પણ સર્વશ્રેષ્ઠ સાહિત્ય તો તે જ કહેવાય જે માનવજાતને પરાત્પર પરબ્રહ્મ પરમાત્માના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપી, ઉત્ક્રાંતિની પરમ સીમા જે અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિ તેને પામવામાં મદદરૂપ થાય. એવી સાહિત્ય કૃતિઓ છે ‘રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત’ અને ‘બાપાશ્રીની

વાતો.' એ બે ગ્રંથો દ્વારા બાપાશ્રીએ સર્વજીવહિતાવહ આત્યંતિક મોક્ષદાયી સાહિત્યનું સર્જન કરી સમગ્ર માનવકુળ પર અનહદ ઉપકાર કર્યો છે. ખરેખર તો બાપાશ્રીને સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર અને તેમની કૃતિઓને સર્વશ્રેષ્ઠ કૃતિઓ તરીકે નવાજવામાં જ જીવનની સાર્થકતા છે. મૂર્તિનો અભ્યાસ અને મૂર્તિમાં અખંડ સ્થિતિ તે જ તત્ત્વજ્ઞાન છે, તે જ સાદું ને સૌથી મોટું અને આદર્શ તત્ત્વજ્ઞાન છે. બાપાશ્રીનું જીવન આ તત્ત્વજ્ઞાનને સજીવ કરે છે.

## ૧૪ અકળ દેહોત્સર્ગ લીલા ને અંતિમ દર્શન

આ પૃથ્વી પર બાપાશ્રીએ દૃષ્ટિગોચર થઈ, અનંતકોટી મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્યમૂર્તિ જે શ્રીજીમહારાજ તેમનું સર્વોપરીપણું પ્રવર્તાવ્યું. તદુપરાંત એ મૂર્તિમાં અનંત અનાદિમુક્ત દિવ્ય સાકારપણે રસબસ રહ્યા થકા અનંત કલ્પથી અખંડ દિવ્ય સુખ ભોગવી રહ્યા છે, એવા શ્રીહરિના ગૂઢ રહસ્યજ્ઞાનની અનેકને અનુભવ દ્વારા પ્રતીતિ કરાવી. અનાદિમુક્તની આવી અલૌકિક સ્થિતિ કરાવવા પોતાનો આગ્રહ દરેક પ્રસંગે જણાવતા. આ સર્વે કાર્ય હવે પૂરું થયું માની, શ્રીજીમહારાજની ઈચ્છાનુસાર પોતે આ લોકમાંથી અદૃશ્ય થવાનો દ્રઢ વિચાર કરી લીધો હોય તેવી રીત જણાવવા માંડી.

સં. ૧૯૮૪ના અષાડ સુદ એકમને દિવસ બાપાશ્રી પોતાની નવી વાડીએ બેઠા હતા ત્યારે બાપાશ્રીના પુત્રો, પૌત્રો તેમ જ વૃષપુર તથા આસપાસનાં ગામોના હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરીને પાસે બેઠા. તે વખતે બાપાશ્રીએ પોતાને અંતર્ધાન થવું છે, તે નિમિત્તે ભલામણ કરવા લાગ્યા જે, ‘‘હવે હું અક્ષરધામમાં જઈને મહારાજની મૂર્તિમાં બેસીશ ને મહારાજની મૂર્તિમાં રહીને સુખ ભોગવીશ. અને તમે સર્વે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહીને ભજન કરજો, તમે સર્વે મારા છો; તમને સર્વેને મૂર્તિમાં રાખ્યા છે ને મૂર્તિરૂપ છો; હું તમારા ભેગો રહીશ ને તમારી રક્ષા કરીશ. આગળ દેશકાળ કઠણ આવશે. હું અંતર્ધાન થયા પછી કેટલીક ઉપાધિ આવશે ત્યારે તમારી પરીક્ષા થશે. અત્યારે તો તમે સૌ અમારી

છાયામાં કિલ્લોલ કરો છો; દર્શન સમાગમનું સુખ લો છો ને તે દિવસ (તે સમયમાં) પણ જો તમે શૂરવીર થઈને ઉપાધિને ગણશો નહિ ને અમારા કહેવા પ્રમાણે શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજીને કથાવાર્તા કરશો ને આજ્ઞામાં રહેશો તો અમે રક્ષા કરશું; તમે કાંઈ મૂંઝાશો નહિ. જેમ વાયુ-વરસાદનું ગમે તેટલું તોફાન થાય પણ મોટા પર્વતને કાંઈ અડતું નથી; તેમ તમને પણ તે ઉપાધિ કાંઈ અડશે નહિ, એમ હું રક્ષા કરીશ ને અંતે મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ ભોગવાવીશ. આ અમારાં વચન સત્ય માનજો. સૂર્ય ફરે, ચંદ્ર ફરે પણ આ અમારું વચન કોઈ દિવસ નહિ ફરે. અમે જે જે લીલા કરી છે તથા આશીર્વાદ આપ્યા છે તે સર્વે સંભારી રાખશો; ભૂલશો મા, જરૂર ભૂલશો મા.'' બાપાશ્રીનાં આવાં હિંમતનાં અભય વચન જીવમાં ધારીને ખિન્ન હૃદયે તે સર્વે હરિભક્તો પોતપોતાને ગામ ગયા. બાપાશ્રી પણ ગાડીમાં બેસીને પોતાના સેવકોએ સહિત ઘેર આવ્યા.

પછી બાપાશ્રીએ એમ ધાર્યું જે, ''હું મંદવાડ ગ્રહણ કરીશ તો સમીપના ભક્ત તુરત ભેગા થઈ જશે ને મને રહેવાની પ્રાર્થના કરશે. પછી દૂર દેશના ભક્તજનો તથા સદ્‌ગુરુ વગેરે સંત આવી પહોંચશે ને તેઓ પણ મને રહેવાની પ્રાર્થના કરશે. તે સર્વેનો અનાદર કરીને અંતર્ધાન થવું તે સારું નહિ, માટે કોઈ ન જાણે તેમ કરું, જેથી કોઈ પણ મને રહેવાની પ્રાર્થના કરી શકે નહિ. માટે હવે તો તુરત જ આ મનુષ્ય લીલા સંકેલી લઉં.''

આમ વિચારી બાપાશ્રીએ અષાડ સુદ ત્રીજને દિવસથી પ્રકરણ ફેરવ્યું. સવારમાં નાહી, પૂજા કરી મંદિરની ઓશરીમાં

જ્યાં રોજ સભા થતી ત્યાં પોતાના આસને સૂઈ રહ્યા. સમય થયે હરિભક્તોએ કથા કરી પણ પોતે કાંઈ બોલ્યા જ નહિ. સૌને એમ જે આજે બાપાશ્રીને શરદી જેવું છે. પછી જ્યારે ઘેર ઠાકોરજીને જમાડવા ગયા ત્યારે પણ મને આજ રુચિ નથી એમ કહી થોડી ખીચડી અને છાશ જમ્યા. પાછા મંદિરમાં આવી ઓરડે સૂતા. તે સાંજે હળવે હળવે ઘેર ગયા. રાત્રે સભામાં આવ્યા પણ એમ જણાય જે આજે બાપાશ્રીને શરીરે ઠીક નથી. એમ ને એમ સભામાં કથા થઈ રહી ત્યાં સુધી બેઠા. પછી ઊઠતી વખતે ઊભા થઈ સભાને હાથ જોડી જય સ્વામિનારાયણ કર્યા. તે વખતે લડથડિયું આવી ગયું તેથી સેવક પ્રેમજી ને પૌત્ર જાદવજીભાઈએ હાથ ઝાલ્યા ને ઓરડામાં આસન પર લઈ ગયા. થોડી ટાઢ લાગતી હોવાથી બાપાશ્રીને ચોફાળ તથા ગોદડું ઓઢાડ્યા. કોઈ હરિભક્તો આવે ને પૂછે તે સૌને એમ કહે જે જરા ટાઢ વાય છે તે હવે ગોદડું ઓઢીને સૂતા સૂતા મહારાજને સંભારશું એટલે વાંધો નહિ આવે, એમ સૌને કહેતા બાપાશ્રી પોઢી ગયા. બાપાશ્રીના દીકરા બન્ને ઘણી વાર બેઠા ને સેવા કરતા કરતા બાર વાગ્યા એટલે સર્વે સૂતા. એક વાગ્યાના સુમારે બાપાશ્રી ઓચિંતાના બેઠા થઈ ગયા ને પાસે સૂતેલા સેવક પ્રેમજીને જગાડી, તેના ઉપર ખૂબ રાજીપો જણાવ્યો. સાથે સાથે પોતે અંતર્ધાન થવાના છે એમ જણાવી એ વાત કોઈને પણ જણાવવાની ના પાડી ને કહ્યું કે હમણાં તું કોઈને કહીશ તો હું તારા ઉપર રાજી નહિ થાઉં. સ્વામીશ્રીને ખબર આપવાનું પૂછ્યું તો પણ ના પાડી. આ સાંભળી પ્રેમજી અત્યંત ઉદાસ થઈ ગયો.

બીજે દિવસે એટલે કે અષાડ સુદ ૪ને રોજ સવારે શરીરમાં ઘણી અશક્તિ જણાવી. નહાવા જવા માટે પણ માંચીમાં બેસીને ચોકમાં આવ્યા. પછી નવડાવી, પૂજાનાં દર્શન કરાવીને જમવાનું પૂછ્યું તો પણ ના કહી. છેવટે ખૂબ આગ્રહ કર્યો એટલે સાકર નાખેલું કઢેલું દૂધ મહારાજને ધરાવીને થોડુંક પીધું. પછી કહે જે, 'ગરમી બહુ થાય છે તેથી વાડીએ લઈ ચાલો તો ઠંડક થાય. પછી વાડીએ જવા ગાડી બોલાવી ને ગાડીમાં બેસાર્યા ત્યારે પોતાના બંને પુત્રો જે કાનજીભાઈ ને મનજીભાઈ, તેમને પાસે બોલાવીને કહ્યું જે, ''હવે મારા દેહનો નિરધાર નથી તેથી તમે સૌ ખબડદાર રહેજો. તમે મારો ચીલો રાખજો, મૂર્તિથી ક્યારેય જુદા રહેશો નહિ; ધ્યાન, ભજન, કથા-વાર્તા નિરંતર કર્યા કરજો; તમે મૂંઝાશો મા, હું જાઉં તેવો નથી, સત્સંગમાં અખંડ રહ્યો છું, મૂર્તિથી ક્યારેય જુદો રહેતો નથી, પણ તમે હવે આમ નહિ દેખો.'' આવાં વચન સાંભળી કાનજીભાઈ, મનજીભાઈ તથા પાસે ઊભેલા અન્ય સૌ અતિ ઉદાસ થઈ ગયા ને સૌના નેત્રમાંથી જળ પડવા લાગ્યાં. તે સર્વેને બાપાશ્રીએ કહ્યું જે, ''તમે કોઈ દિલગીર ન થાઓ. તમને સૌને મૂર્તિમાં રાખ્યા છે, તેથી આપણે સદાય ભેળા જ છીએ.'' એમ કહીને કાનજીભાઈ તથા મનજીભાઈને બહુ ઉદાસ જોઈ બોલ્યા જે, ''સ્વામી ઈશ્વરચરણદાસજી આવશે ત્યારે તમને બધુંય ઠીક કરી દેશે.'' એમ ધીરજ આપી વાડીએ પધાર્યા. વાડીમાં કૂવાના થાળામાં બેસી શરીર ઉપર ખૂબ પાણી રેડાવ્યું. પછી ધોતિયું બદલાવી ખાટલા પર સૂતા. જમવાની રુચિ ન હોવા છતાં ખૂબ આગ્રહને લઈને એક ગ્રાસ જમ્યા. પછી લઘુ કરી નહાવાની રુચિ જણાવી, તેથી થોડી વાર

નવડાવ્યા. ત્યાર બાદ માંચીમાં બેસારી બાપાશ્રીને ઘેર લાવ્યા. બહુ નાહ્યાથી ઠંડક થઈ ગઈ છે એમ જાણી પાતળી રાબ કરી લાવ્યા ત્યારે બાપાશ્રી કહે હવે મને એક મૂર્તિના સુખ વિના બીજું કાંઈ રુચતું નથી, માટે કોઈ જમવાનું પૂછશો નહિ. એમ કહી પોઢી ગયા.

પછી તો કોઈ હરિભક્તો 'જય સ્વામિનારાયણ' કહીને બોલાવે તો નેત્ર ઉઘાડી સામું જોઈ તરત જ નેત્ર મીંચી દે. લઘુ કરવા ઊઠે ત્યારે સેવક લઘુ કરાવતા ને પાણી પીવું હોય ત્યારે સાન કરે એટલે સેવક પાણી પાતા, પણ કોઈ સાથે વાત કરે નહિ. રાત્રિએ ઘણી પ્રાર્થના કરી બાપાશ્રીને દૂધ પાયું તે થોડું પીધું ને જાગ્રત થઈ અમૃત નજરે કૃપા કરી સૌના સામું જોયું. તે સમયે જે સંત-હરિભક્તો પાસે હતા, તેમણે બાપાશ્રીની અતિ પ્રસન્નતા જોઈ ચંદન, કુંકુમ તથા પુષ્પથી પૂજા કરવા ઇચ્છા કરી. શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરી મૂર્તિને હાર પહેરાવ્યા. પછી બાપાશ્રીને પણ ચંદન ચર્ચી, કુંકુમના ચાંદલા કરી, પુષ્પના હાર પહેરાવ્યા. પછી આરતી ઉતારી સૌએ દંડવત્ કર્યા. તે સમયે બાપાશ્રીએ સૌના ઉપર પ્રસન્નતા જણાવી હોય તેમ સામું જોઈ રહ્યા. સૌએ પ્રાર્થના કરી તો પણ કાંઈ બોલ્યા નહિ. નેત્ર મીંચી દીધાં તે જાણે સમાધિ થઈ હોય ને શું! તેમ ઘણી વાર દર્શન આપ્યાં. પછી સૌ બાપાશ્રી સામું જોઈ ઊંચે સ્વરે ધૂન કરવા લાગ્યા. આખરે સૌને મૂર્તિના સુખે સુખિયા કરી અતિ દયાળુ મૂર્તિ બાપાશ્રી પોતાનો લીલા-વિગ્રહ બંધ કરી આ લોકમાંથી સં. ૧૯૮૪ના અષાડ સુદ ૪ની રાત્રિએ એક વાગે અંતર્ધાન થયા.

વીજળીના આંચકા જેવા આ આઘાતજનક સમાચાર વાયુવેગે ગામેગામ પ્રસરી ગયા. દિવસ ઊગ્યા પહેલાં તો ચોવીસે ગામની મંડળીઓ તથા હરિભક્તો જ્યાં જેને ખબર પડી ત્યાંથી ગાંડા-ઘેલાની માફક ઉતાવળા આવ્યા. દિવસ ઊગ્યા સમયે તો આઠ-દશ હજાર જેટલો સંત-હરિભક્તોનો સમૂહ એકત્ર થઈ ગયો. બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક તથા સર્વે સંત-હરિભક્તોને આ દુઃખ અસહ્ય થયું, પરંતુ બાપાશ્રીએ બધાયનાં નાડી-પ્રાણ આકર્ષણ કરી, સૌને એવું તો બળ પ્રેર્યું કે કોઈ વિલાપ કરી શક્યા નહિ. અશ્રુભીની આંખે બાપાશ્રીને પાલખીમાં બિરાજમાન કરી, વિરહનાં કીર્તન બોલતા બોલતા, સર્વે જનોને દર્શનાર્થે બાપાશ્રીની પાલખીને સમગ્ર ગામમાં ફેરવીને છત્રીસ્થાને લાવ્યા. પછી બાપાશ્રીને ધૃતથી નવડાવી, અગ્નિસંસ્કાર વિધિ કર્યો. એ સમયે હરિભક્તો નાળિયેર તથા ઘી હોમવા સારુ અધીરા થઈ વ્યાકુળ થયા અને વિરહની વેદના સમાય નહિ. તે વખતે બાપાશ્રીએ સૌને ધીરજ પ્રેરી એટલે સર્વે શાંત થઈ ઊંચે સ્વરે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. એમ અગ્નિસંસ્કાર થઈ રહ્યા પછી સર્વે સ્નાનવિધિ કરી વિરહનાં કીર્તન બોલતા બોલતા બાપાશ્રીને ઘેર આવી મંદિરમાં આવ્યા. એ સમયે એકત્ર થયેલ વિશાળ શ્રદ્ધાંજલિ સત્સંગ-સભામાં સર્વેએ પરમ કૃપાળુ બાપાશ્રીના અલૌકિક જીવનનાં પોતાનાં સંભારણાં ને સ્વાનુભવો મુક્ત કંઠે રજૂ કર્યાં, તે સાંભળી સૌનાં નેત્રો અશ્રુભીનાં થઈ ગયાં. વળી સર્વે સંત-હરિભક્તોના મુખમાંથી એ સમયે એક સરખો સૂર નીકળ્યો કે, ''આપણામાંથી કોઈને ક્યારેય પણ બાપાશ્રી વિષે જાણ્યે-અજાણ્યે મનુષ્યભાવ આવ્યો

હોય તો તે સર્વની આર્દ્ર નયને અને તપ્ત હૃદયે આ ક્ષણે અંતરમાં તેમની માફી માગી તેનું નિવારણ કરી લેવું. તો જ આપણે સૌ અહીં એકત્ર થયા તે સાર્થક. દોષની ક્ષમાયાચના અને સત્સંગને વિષે દિવ્યભાવ રાખવો એ જ બાપાશ્રીને સર્વોત્તમ શ્રદ્ધાંજલિ છે.''

જય શ્રી સ્વામિનારાયણ ને તેમના અનાદિમુક્ત 'બાપાશ્રી'....

**૧૫**

## સમાપન

# બાપાશ્રીનું પ્રાગટ્ય શા માટે? કાવ્ય સ્વરૂપે

### (અ) આવ્યા અબજીબાપા

શ્રી શ્રીજીમહારાજ જે, અનંત મુક્તના રાય;
તે પ્રભુના સંકલ્પથી, આવ્યા અબજીબાપા. -૧
સંવત ઓગણીસો એકની, પ્રબોધિની ને સોમ;
ધન્ય ઘડી ધન્ય ભાગ્ય જે, આવ્યા અબજીબાપા. -૨
ધન્ય ધન્ય કત્સ્યપ દેશને, ધન્ય ધન્ય વૃષપુર ગામ;
ધન્ય ધન્ય કણબી જ્ઞાતિને, આવ્યા અબજીબાપા. -૩
ધન્ય કુળ પાંચાણીનું, ધન્ય છે દેવબા માત;
અનંત જન્મના પુણ્યથી, આવ્યા અબજીબાપા. -૪
પંક્તિ પાછળ રહી ગયા, જેણે પ્રીછ્યા નહિ મહારાજ;
તેની ખામી ભાંગવા, આવ્યા અબજીબાપા. -૫
શ્રી શ્રીજીમહારાજનો, દિવ્ય સત્સંગ બાગ;
કૃપા વર્ષા કરી પોષવા, આવ્યા અબજીબાપા. -૬
ત્યાગી, ગૃહી, બાઈ-ભાઈના, સૌ સૌના જે ધર્મ;
તેમાં અચળ રખાવવા, આવ્યા અબજીબાપા. -૭
મહાપ્રભુની પત્રીથી, વિરુદ્ધ જે જે કર્મ;
તેનાં મૂળ ઉખેડવા, આવ્યા અબજીબાપા. -૮
શ્રી શ્રીજીમહારાજ ને, અનાદિ મહામુક્ત;
તેનો મહિમા ગાવવા, આવ્યા અબજીબાપા. -૯
અનંત જીવ આ જગતના, મોકલવા પ્રભુ ધામ;
રતિલાલ કહે પ્રીતથી, આવ્યા અબજીબાપા.-૧૦

*- અ. મુ. પૂ. શ્રી રતિલાલ કરુણાશંકર ઓઝા*

## (બ) એ છે અબજીબાપા

અગણિત જીવ ઉદ્ધારવા, ખેલ ખેલે મહામુક્ત;
પહેલે નંબરે આવતા, એ છે અબજીબાપા. -૧
મહાપ્રભુની મૂર્તિમાં, મસ્ત રહે અહોનિશ;
મસ્ત દશા છે જેમની, એ છે અબજીબાપા. -૨
સહજ સમાધિ જેમને, રહે માસ બે માસ;
રસબસ છે જે મૂર્તિમાં, એ છે અબજીબાપા. -૩
આત્યંતિક કલ્યાણની, કરતા જે વળી ખેડ;
મૂર્તિમોલ પકાવતા, એ છે અબજીબાપા. -૪
વેષ ધર્યો કૃષિકારનો, બોલે ચાલે તેમ;
દિવ્ય દશા જ્યાં ઝળકતી, એ છે અબજીબાપા. -૫
ભોળા જીવ જાણે નહિ, નર નાટકના ભેદ;
સુર મુનિને પણ અગમ જે, એ છે અબજીબાપા. -૬
ધન્ય છે નિર્ગુણ સંતને, જેણે ઓળખ્યું મહારત્ન;
ચીંથરે વીંટ્યું રત્ન છે, એ છે અબજીબાપા. -૭
ગજગતિ ચાલે ચાલતા, વળી કરતા રમૂજ અનેક;
સંત અખાડો હોય જ્યાં, એ છે અબજીબાપા. -૮
સત્સંગનું જે તિલક છે, મદભરી જેની આંખ;
ગરવા ગુણ ગંભીર જે, એ છે અબજીબાપા. -૯
તરી રહે જે એકલા, મર હોયે લાખું જન;
રતિલાલ કહે જાણજો, એ છે અબજીબાપા. -૧૦

***- અ. મુ. પૂ. શ્રી રતિલાલ કરુણાશંકર ઓઝા***

## (ક) એ તો અબજીબાપા

કરી ન શકે કોઈ કામ જે, ધરી શકે નહિ હામ;
સહેજે સાધે કામ તે, એ તો અબજીબાપા. -૧
પાપી ફેલી જીવ જે, અસુર અંશ પ્રધાન;
તરત તેને પલટાવતા, એ તો અબજીબાપા. -૨
કીટ ભ્રમરવત્ જે કરે, જીવમાંથી વળી શિવ;
જોડી દે જે મૂર્તિમાં, એ તો અબજીબાપા. -૩
અજ્ઞાની ને પામર જીવો, તેનાં ન ગણે કર્મ;
એવું દિલ દરિયાવ છે, એ તો અબજીબાપા. -૪
આગળ વંદે પાછળ નિંદે, 'પણ પણ' કરતા જેહ;
જાણે પણ નહિ ગણતા જેને, એ તો અબજીબાપા. -૫
નિગમ જેને 'નેતિ' કહે છે, શ્રીજી કહે નિજ રૂપ;
રહી મૂર્તિમાં તાણે સૌને, એ તો અબજીબાપા. -૬
એક પંક્તિમાં પીરસે સૌને, હોય રાહુ કે દેવ;
અભેદભાવે અમૃત આપે, એ તો અબજીબાપા. -૭
દેવને અમૃત રગરગ વ્યાપે, રાહુને રહે કંઠ;
રાહુને પણ દેવ કરંતા, એ તો અબજીબાપા. -૮
મૂર્તિ છે મહારાજની, દિવ્ય સદા સાકાર;
સત્સંગ જેને દિવ્ય જણાયો, એ તો અબજીબાપા. -૯
ત્રિકાળમાં જે મૂર્તિ દેખે, રહે સદા જે મૂર્તિમાં;
રતિલાલ કહે આપે મૂર્તિ, એ તો અબજીબાપા. -૧૦

***- અ. મુ. પૂ. શ્રી રતિલાલ કરુણાશંકર ઓઝા***

# ૧૬ બાપાશ્રીના દિવ્ય જીવનની તવારીખ

| | |
|---|---|
| ૧. સં.૧૯૦૦, પોષ સુદ ૩, ગુરુવાર | બળદિયા ગામે પ્રસાદીસ્થાન કાળી તલાવડીએ શ્રીજીમહારાજે બ્રાહ્મમુહૂર્તમાં દેવબાને દર્શન આપી, પોતાના અનાદિમુક્ત તેમના થકી પ્રગટ થશે એવો વર આપ્યો. |
| ૨. સં. ૧૯૦૧, કાર્તિક સુદ ૧૧, સોમવાર તા. ૨૦.૧૧.૧૮૪૪ રાત્રે ક. ૯:૧૦ મિ. | અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીનું બળદિયા (વૃષપુર) મુકામે પ્રાકટ્ય. |
| ૩. સં. ૧૯૦૧, પોષ વદ ૭ | ભૂજના સમર્થ સ. ગુ. શ્રી અચ્યુતદાસજી સ્વામીએ બાપાશ્રી ત્રણ માસ ને અગિયાર દિવસના થયા ત્યારે વર્તમાન ધરાવી, 'અબજીભાઈ' એવું અર્થગંભીર નામ પાડ્યું. |
| ૪. સં. ૧૯૦૫ થી સં. ૧૯૧૦ | બાપાશ્રીએ નિશાળે જવું શરૂ કર્યું. ગુજરાતી પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો. આર્થિક પરિસ્થિતિ દુર્બળ હોવાથી અભ્યાસ છોડી દીધો. પછી આપમેળે જ સત્શાસ્ત્રોનો અભ્યાસ કરી તે સર્વેનો સારાંશ જાણી લીધો. |
| ૫. સં. ૧૯૧૨ | બાપાશ્રીના લગ્ન માનકૂવાના ગાંગજીભાઈ ને રામબાનાં પૂર્વના મુક્તસ્વરૂપ પુત્રી 'દેવુબા' સાથે થયાં. ગૃહવ્યવહાર ને સત્સંગ સેવા કરતા કરતા સર્વેને મૂર્તિમાં જોડવા સમાધિ સ્થિતિ જણાવતા રહ્યા. |

| | | |
|---|---|---|
| ૬. | ૬,૭ સં. ૧૯૧૨ થી સં. ૧૯૧૭ સુધીની ત્વારીખ | આર્થિક સ્થિતિ સુધારવા પિતાશ્રી પાંચાભાઈ મુક્તરાજ બાપાશ્રીને લઈ કરાંચી ગયા, પણ ત્યાંનું ધર્મશિથિલ વાતાવરણ જોઈ વૃષપુર પાછા આવતા રહ્યા. |
| ૭. | માઘ સુદ ૧૧ | સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના સમર્થ શિષ્ય સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી તથા માંડવીના મહામુક્ત લક્ષ્મીરામભાઈએ ભૂજ મંદિરમાં બાપાશ્રીને જનોઈ પહેરાવી યજ્ઞોપવિત આપ્યું. |
| ૮. | સંવત ૧૯૧૭ | આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી બીમાર હતા ને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તેમને જોવા અમદાવાદ પધાર્યા હતા ત્યારે બાપાશ્રી પણ ત્યાં પધારેલા. તે સમયે આચાર્ય મહારાજશ્રીએ સ્વામીશ્રીને 'આ કચ્છના? સમાધિવાળા અબજીભાઈ' એમ કહી બાપાશ્રીની ઓળખ આપી હતી. ત્યારે સ્વામીશ્રી રાજી થઈ બાપાશ્રીને બાથમાં લઈ મળ્યા હતા. |
| ૯. | સંવત ૧૯૨૨ | બાપાશ્રી અન્ય હરિભક્તો સાથે અમદાવાદ પધાર્યા હતા ત્યારે પણ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો મેળાપ સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી સાથે થયો હતો. |
| ૧૦. | સં. ૧૯૨૨ થી સં. ૧૯૩૦ | સ. ગુ. શ્રી લોકનાથાનંદ સ્વામી મંડળે સહિત બળદિયા ગામે પધાર્યા. બાપાશ્રીએ આદર સત્કાર કરી, પોતાને ત્યાં જમાડી સદ્‌ગુરુશ્રીને અત્યંત રાજી કર્યા. |
| ૧૧. | | બાપાશ્રીને શ્રીજી-સમકાલીન મહામુક્ત સૂરજબાનો ભૂજમાં મેળાપ. સૂરજબા |

| | |
|---|---|
| | બાપાશ્રીને મહાસમર્થ મુક્તરાજ તરીકે ઓળખતા હતા. |
| ૧૨. સં. ૧૯૩૦, ફાગણ માસ | ભૂજના મહંત સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી તથા બાપાશ્રીએ સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને આગળ રાખી ભૂજ મંદિરનો સભામંડપ બંધાવ્યો હતો. |
| ૧૩. સં. ૧૯૩૦ થી સં. ૧૯૪૨ દરમિયાન | વૃદ્ધાવસ્થા થતાં માતુશ્રી દેવબાને પ્રથમ ને પછી પિતાશ્રી પાંચાભાઈને બાપાશ્રીએ શ્રીજી મહારાજની સાથે તેજોમય દર્શન આપી શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા કરી દીધા. |
| ૧૪. સં. ૧૯૪૨, ફાગણ માસ | બાપાશ્રી છસો માણસનો સંઘ લઈ અનેક મુમુક્ષુજનોને મૂર્તિનો સંબંધ કરાવવા મૂળી, જેતલપુર, અમદાવાદ, વડતાલ, ધોલેરા, ગઢપુર આદિ પ્રસાદીભૂત સ્થાનોના તીર્થાટને નીકળ્યા. |
| ૧૫. સં. ૧૯૪૨ થી સં. ૧૯૪૪ દરમિયાન | ભૂજ મંદિરના મહંત સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી અને બાપાશ્રીએ બળદિયા ગામમાં મંદિર બંધાવ્યું. તે મંદિર માટે લાકડું લેવા ગયેલા બાપાશ્રીને માંડવીમાં સમાધિ થઈ હતી. |
| ૧૬. સં. ૧૯૪૪ | સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી મૂળીમાં ચાતુર્માસ કરવા પધાર્યા ત્યારે બાપાશ્રી પધારતા તે બન્ને સમર્થ મુક્તોના દિવ્ય પ્રભાવથી સર્વત્ર આનંદ આનંદ પ્રસરી રહ્યો. |
| ૧૭. સં. ૧૯૪૮, જયેષ્ઠ માસ | બાપાશ્રી તથા સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે બાપાશ્રી ૨૭ દિવસ સુધી સમાધિમાં રહ્યા |

હતા. છેવટે તે બંનેમાંથી બાપાશ્રીને રાખવા ને સદ્‌ગુરુશ્રીને અંતર્ધાન કરવા એવી શ્રીજીમહારાજે મરજી જણાવી.

| | |
|---|---|
| ૧૮.સં. ૧૯૪૮ | સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીના અંતિમ મંદવાડ સમયે બાપાશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજીનો હાથ બાપાશ્રીને સોંપ્યો અને તેમને સુખિયા કરવા ભલામણ કરી. |
| ૧૯.સં. ૧૯૪૮, આસો વદ ૧, રાત્રે ૧:૦૦ વાગે | સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ રાત્રે અમદાવાદ મંદિરમાં સ્વતંત્રપણે દેહત્યાગ કર્યો. તે જ વખતે બાપાશ્રીએ આ વાત બળદિયામાં સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામીને કરી અંતર્યામીપણું જણાવ્યું. |
| ૨૦.સં. ૧૯૫૧ | ધોળકામાં મહંત સ્વામી શ્રી વૃંદાવનદાસજી પર બાપાશ્રીએ કૃપાવર્ષા કરી અનાદિ મુક્તની સ્થિતિનો સાક્ષાત્કાર કરાવ્યો. |
| ૨૧.સં. ૧૯૫૧ થી સં. ૧૯૫૬ દરમિયાન | ધ. ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ બળદિયા પધાર્યા ત્યારે બાપાશ્રીને એકાંતે લઈ જઈ કહ્યું, ‘‘તમે મારા જીવનો મોક્ષ કરશો.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘મહારાજ! તમે તો સત્સંગના ધણી છો, છતાં તમારા વતી શ્રીજીમહારાજને કહેશું.’’ |
| ૨૨.સં. ૧૯૫૬, અષાડ માસ | બાપાશ્રી સંઘે સહિત છપૈયા જન્મસ્થાનના દર્શન કરવા ગયા. તે સમયે ઘનશ્યામ મહારાજ અને બાપાશ્રીના દર્શન કરવા મોટા મોટા દેવો તેજના ગોળા સ્વરૂપે આવ્યા છે એવા કેટલાકને દર્શન થયા હતા. |
| ૨૩ સં. ૧૯૫૭ | અમદાવાદમાં ધ. ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને નાની |

| | |
|---|---|
| | વયે ગાદીએ બેસાડ્યા ત્યારે કેટલાકે કુંજવિહારીપ્રસાદજીને ગાદીએ બેસાડવાનું કર્યું તે સમયે બાપાશ્રીએ આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજીનો પક્ષ રાખી તેમને જ આચાર્ય તરીકે માનવા સંત-હરિભક્તોને કહ્યું હતું. |
| ૨૪. સં. ૧૯૫૭ | બાપાશ્રીનો જોગ-સમાગમ કરી, બળદિયાથી પાછા ફરતા હળવદ મુકામે બાપાશ્રીની કૃપાથી મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીને શ્રીજીમહારાજનાં તેજોમય દિવ્ય દર્શન. |
| ૨૫. સં. ૧૯૫૯, વૈશાખ સુદ ૧ થી પૂનમ | બળદિયા સ્થાને બાપાશ્રીએ ‘સત્સંગિજીવન’ અને ‘શિક્ષાપત્રીભાષ્ય’ની પારાયણ બેસારી, સંત-હરિભક્તોને તેડાવી, પંદર દિવસનો મોટો કલ્યાણકારી બ્રહ્મયજ્ઞ યોજ્યો હતો. તે યજ્ઞમાં ઘણા સંત-હરિભક્તોને તેજઃપુંજમાં શ્રીજીમહારાજ સાથે બાપાશ્રીનાં દર્શન થયાં હતાં. |
| ૨૬. સં. ૧૯૬૨, દેવદિવાળી | ધ. ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના યજ્ઞોપવિત પ્રસંગે અમદાવાદ પધારી બાપાશ્રીએ ઘણી સેવા કરી-કરાવી હતી. |
| ૨૭. સં. ૧૯૬૨, ચૈત્ર વદ ૨ થી વૈશાખ સુદ ૧ | ધનબાએ રામપુરમાં મોટો પારાયણ બ્રહ્મયજ્ઞ કર્યો. તે સમયે બાપાશ્રીએ સર્વેને જોગ-સમાગમનો ખૂબ લાભ આપ્યો હતો. |
| ૨૮. સં. ૧૯૬૨, વૈશાખ સુદ ૬ | બાપાશ્રી તથા સંત-હરિભક્તોએ થઈને ભૂજ મંદિર પર ધામધૂમથી કળશ ચઢાવ્યા. |
| ૨૯. સં. ૧૯૬૨, વૈશાખ સુદ પૂનમ | બાપાશ્રીએ સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને પોતે કરેલી વાતો લખવાની આજ્ઞા કરી. |

| | |
|---|---|
| ૩૦. સં. ૧૯૬૨, વૈશાખ વદ ૧ | સ્વામીશ્રીએ બાપાશ્રીના મુખકમળથી નીકળેલી અમૃતરસરૂપ વાતો લખવી શરૂ કરી. |
| ૩૧. સં. ૧૯૬૩ | પ્રાણશંકરભાઈએ બેસાડેલ પારાયણ નિમિત્તે બાપાશ્રી અમદાવાદ પધાર્યા હતા. ત્યાં મૂળીના મહંત સ્વામી હરિનારાયણદાસજીને આંખે મોતિયો ઉતરાવ્યાથી ગરમીની પીડા થતી હતી. બાપાશ્રીએ સ્વામીશ્રીના શરીરે હાથ ફેરવી પીડા મટાડી દીધી હતી. |
| ૩૨. સં. ૧૯૬૫, ફાગણ સુદ ૨ | ભૂજમાં છત્રીએ ચરણારવિંદ પધરાવ્યા તે સમયે સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજીએ દેહ મૂક્યો ત્યારે બાપાશ્રીએ સૌને ધીરજ પ્રેરી હતી. |
| ૩૩. સં. ૧૯૬૭, ચૈત્ર વદ ૭ | ધ. ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ અને બાપાશ્રીએ શ્રી ઘનશ્યામ મહારાજ ને રાધાકૃષ્ણની મૂર્તિઓ ભૂજ મંદિરના સિંહાસનમાં પધરાવી. |
| ૩૪. સં. ૧૯૬૮, વૈશાખ સુદ ૯ થી પૂનમ | ધનબાએ રામપુરમાં 'વચનામૃત' ગ્રંથની કથા કરાવી ત્યારે બાપાશ્રીએ સૌને વચનામૃતનાં રહસ્યો સમજાવ્યાં. |
| ૩૫. સં. ૧૯૬૮, વૈશાખ વદ ૧૦ | બાપાશ્રીએ કેરા ગામના ભાઈઓના મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિને સિંહાસનમાં પધરાવી પ્રતિષ્ઠાવિધિ કરી. |
| ૩૬. સં.૧૯૬૯, ચૈત્ર સુદ ૨ થી ૮ | અસલાલીના કંકુબાએ અમદાવાદમાં બેસાડેલ 'સત્સંગિજીવન'ના પારાયણ નિમિત્તે, બાપાશ્રીના પધારવાથી સૌએ અનુભવેલો અદ્‌ભુત અલૌકિક સંતોષ. |
| ૩૭. સં. ૧૯૬૯, | દેવપરામાં ધ. ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ અને બાપાશ્રીએ |

| | |
|---|---|
| ચૈત્ર વદ ૪ | શ્રીજીમહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. |
| ૩૮. સં. ૧૯૭૦, ફાગણ વદ ૮ | ભારાસરના બાઈઓના મંદિરમાં બાપાશ્રી તથા સંતમંડળે મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ કરી ત્યારે શ્રીજીમહારાજની પ્રસન્નતાનો અનેરો અનુભવ સર્વને થયો. |
| ૩૯. સં. ૧૯૭૦, ચૈત્ર માસ | બળદિયાના પાદરે આવેલ કાળી તલાવડીના પ્રસાદીસ્થાને બાપાશ્રીએ છત્રી કરાવવાનું શરૂ કર્યું તે સમયે ત્યાં વૃક્ષ પર રહેતાં અસંખ્ય ભૂતોને બાપાશ્રીએ ગોળ-સાકરની પ્રસાદી જમાડી મોક્ષ કર્યો. |
| ૪૦. સં. ૧૯૭૧, ચૈત્ર સુદ ૩ | બાપાશ્રીએ કાળી તલાવડીએ છત્રીએ ચરણારવિંદ પધરાવ્યા ત્યારે અનહદ કૃપા વાપરી વર આપ્યો કે ''આ સ્થાનના જે કોઈ ભાવથી દર્શન કરશે કે ઉપર થઈને પક્ષી ઊડીને જશે તે સર્વેનો મહારાજ આત્યંતિક મોક્ષ કરશે.'' |
| ૪૧. સં. ૧૯૭૨, ફાગણ વદ ૧૩ | બાપાશ્રીએ પાટડી મંદિરના સિંહાસનમાં શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રતિષ્ઠાવિધિ કર્યો તે સમયે મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટ્યું હતું. |
| ૪૨. સં. ૧૯૭૨, ચૈત્ર સુદ | જેતલપુરમાં દેવસરોવર પર છત્રીએ ચરણારવિંદ પધરાવ્યા ત્યારે બાપાશ્રીએ ત્યાં મૂર્તિના સુખની વાતો કરી અનેકને સુખિયા કર્યા હતા. |
| ૪૩. સં. ૧૯૭૨, ચૈત્ર વદ ૯ | ધ. ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ ને બાપાશ્રીના હસ્તે છપૈયામાં જન્મસ્થાનમાં બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. |
| ૪૪. સં. ૧૯૭૩, | કુંભારિયામાં તળાવની પાળે છત્રીમાં શ્રીજીમહારાજના ચરણારવિંદ ને નીચે |

| | |
|---|---|
| વૈશાખ માસ | હનુમાનજીની પ્રતિષ્ઠાવિધિ બાપાશ્રીના વરદ હસ્તે કરવામાં આવી. |
| ૪૫. સં. ૧૯૭૪, અષાડ માસ | બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કરી અંતર્ધાન થવાનું કર્યું ત્યારે હેતવાળા સંત-હરિભક્તોની ગદ્‌ગદ પ્રાર્થનાથી વધુ દશ વર્ષ રહેવાનું વચન આપ્યું. તે નિમિત્તે છત્રી સ્થાને 'પુરુષોત્તમ લીલામૃત સુખસાગર'ની પારાયણ કરાવી, મોટો બ્રહ્મયજ્ઞ કર્યો. તે યજ્ઞમાં શ્રીજીમહારાજ ને બાપાશ્રીના દર્શન ઘણે ઠેકાણે એકીસાથે થતા હતા. |
| ૪૬. સં. ૧૯૭૬ | સત્સંગનો વ્યવહાર સુધારવા માટે મૂળીમાં બાપાશ્રીની નિશ્રામાં સત્સંગ મહાસભાની સ્થાપના થઈ. તે સમયે નદીમાં પાણી નહોતું પણ સૌએ બાપાશ્રીને પ્રાર્થના કરી તેથી નદીમાં પાણી આવ્યું હતું. |
| ૪૭. સં. ૧૯૭૮, વૈશાખ સુદ ૨ | બાપાશ્રીએ છત્રીસ્થાને હનુમાનજીને પધરાવી, 'અહીં જે દર્શને આવશે તેનાં દુઃખ દૂર થશે' એવો વર આપ્યો. તે સમયે એકત્ર થયેલ હજારો હરિભક્તો બાપાશ્રીના ચોમેર અનંતરૂપે દર્શન કરી સાશ્ચર્ય ભાવવિભોર થઈ ગયેલા. |
| ૪૮. સં. ૧૯૭૯, મહા સુદ ૩ | મૂળીનો શતવાર્ષિક પાટોત્સવ, અનેક વિઘ્નો છતાં બાપાશ્રીના પ્રતાપે ધામધૂમથી ઉજવાયો. |
| ૪૯. સં. ૧૯૭૯, મહા માસ | પૌત્ર જાદવજીભાઈની આંખની સારવાર અર્થે બાપાશ્રીએ અમદાવાદમાં શેઠ બળદેવભાઈની અસારવા મિલમાં નિવાસ કર્યો હતો. |
| ૫૦. સં. ૧૯૭૯, | પૌત્ર જાદવજીભાઈની સારવાર ચાલતી હતી તે દરમિયાન બાપાશ્રીએ દશ દિવસ |

| | |
|---|---|
| મહા માસ | કરાંચી પધારી ત્યાંના હરિભક્તો પર અઢળક ઢળી, ખૂબ સુખિયા કર્યા. |
| ૫૧.સં. ૧૯૮૧, કાર્તિક સુદ ૬ | રામપુરનાં મહામુક્ત ધનબા બાપાશ્રીએ કહ્યા મુજબ બે દિવસમાં દેહ મેલી, શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના સુખભોક્તા થયાં. |
| ૫૨.સં. ૧૯૮૧, ચૈત્ર માસ | ભૂજ મંદિરમાં સુખશય્યામાં શ્રીજીમહારાજની ચાંદીના ઉપાડની મૂર્તિની પ્રતિષ્ઠા બાપાશ્રીના વરદ હસ્તે થઈ. |
| ૫૩.સં. ૧૯૮૧, શ્રાવણ સુદ ૧૦ | મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીએ બાપાશ્રીના દિવ્ય જીવન પર લખેલું પુસ્તક 'અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત' બાપાશ્રીને અર્પણ કર્યું. |
| ૫૪.સં. ૧૯૮૨ | બાપાશ્રીએ પોતાનાં ધર્મપત્ની દેવુબાને દેહ મુકાવી શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં મૂકી દીધાં. |
| ૫૫.સં. ૧૯૮૨, ભાદ્ર માસ | બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. સંત-હરિભક્તોની પ્રાર્થનાથી બાપાશ્રીએ મંદવાડને રજા આપી અને ભૂજમાં વચનામૃતનું પારાયણ કરાવ્યું હતું. |
| ૫૬.સં. ૧૯૮૨, પ્રથમ ચૈત્ર સુદ ૧૪ થી વદ ૮ | 'સત્સંગિજીવન'નો મોટો પારાયણ-બ્રહ્મયજ્ઞ યોજી બાપાશ્રીએ પ્રતાપ જણાવી, આવેલા સૌને આત્યંતિક સુખના આશીર્વાદ આપી ન્યાલ કર્યા. ઘણા સંત-હરિભક્તોને તે સમયે શ્રીજીમહારાજ સાથે બાપાશ્રીનાં દર્શન થયેલાં. |
| ૫૭.સં. ૧૯૮૩, ફાગણ માસ | કરાંચીના હરિભક્તોના હેતને વશ થઈ બાપાશ્રી છેલ્લીવાર કરાંચી પધાર્યા હતા ને ખૂબ ધામધૂમથી ફૂલદોલનો ઉત્સવ કરાંચીમાં કર્યો હતો. |

| | |
|---|---|
| ૫૮. સં. ૧૯૮૪, ચૈત્ર સુદ ૧૩ થી વદ ૭ | ‘સત્સંગિજીવન’નું પારાયણ બેસાડી બાપાશ્રીએ છેલ્લો મહાકલ્યાણકારી યજ્ઞ કરી, અનહદ કૃપા વર્ષાવી. |
| ૫૯. સં. ૧૯૮૪, વૈશાખ સુદ ૧૩ | બાપાશ્રી સદ્‌ગુરુઓને ભૂજથી પાછા બોલાવી છેલ્લીવાર મળ્યા. |
| ૬૦. સં. ૧૯૮૪, અષાડ સુદ ૪, શુક્રવાર, તા. ૨૨.૬.૧૯૨૮ રાત્રે ૧.૦૦ વાગે | ત્યાંશી વર્ષ, સાત માસ ને ચોવીશ દિવસ દર્શન આપી, અનંત જીવનો ઉદ્ધાર કરી તથા અનેક સંત-હરિભક્તોને શ્રીહરિજીની મૂર્તિના સુખભોક્તા કરી, બાપાશ્રી અંતર્ધાન થયા. |

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ

શતાબ્દી મહોત્સવ

100

1922 - 2022

12 થી 16 ફેબ્રુઆરી, 2023

પૃથ્વી પર પ્રગટ થઈ અનાદિમુક્તનું
એક જ કાર્ય હોય કે ગમે તે રીતે જીવો મૂર્તિમાં આવે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com